“ રવિવારની સાપ્તાહિક પૂર્તિ ”

રસધાર

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 32 । AD - 2026, Aso sud-07 । Sunday, Dt. 01-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં એકતાનગર ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો, રૂ. ૪૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું

વડાપ્રધાન મોદીએ સરદાર પટેલને શ્રધ્ધાંજલિ અર્પણ કરી

કેવડિયા, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના એકતાનગર (કેવડિયા) ખાતે પહોંચ્યા હતા. સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવવામાં આવી રહેલા રાષ્ટ્રીય એકતા દિવસના કાર્યક્રમમાં વડાપ્રધાન મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સરદાર પટેલને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે સ્ટેચ્યૂ ઓફ યુનિટી પર હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન દેશની એકતા, અખંડિતતા અને રાષ્ટ્રીય ગૌરવનો સંદેશ આપવામાં આવ્યો હતો.

રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીને લઈને એકતાનગરમાં ભવ્ય તૈયારીઓ કરવામાં આવી હતી. વડાપ્રધાનના ગુજરાત પ્રવાસ દરમિયાન વિવિધ મહત્વપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એકતાનગર ખાતે રૂ. ૪૦૦ કરોડથી વધુનાં વિકાસલક્ષી કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોના અમલીકરણથી સ્થાનિક માળખાકીય સુવિધાઓ, પ્રવાસન ક્ષેત્ર અને પર્યટકો માટેની સુવિધાઓમાં વધારો થવાની સાથે એકતાનગરના વિકાસને નવી ગતિ મળશે.

વડાપ્રધાન મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પહોંચીને સરદાર વલ્લભભાઈ પટેલની વિશાળ પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સરદાર પટેલે દેશના એકીકરણમાં આપેલા ઐતિહાસિક યોગદાનને યાદ કરીને તેમને નમન કર્યા હતા. સરદાર પટેલની જન્મજયંતીને સમગ્ર દેશમાં રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. દેશના વિવિધ રજવાડાંઓને એકત્રિત કરીને અખંડ ભારતના



નિર્માણમાં સરદાર પટેલે ભજવેલી ભૂમિકા આજે પણ દેશવાસીઓ માટે પ્રેરણારૂપ છે.

દરમિયાન વડાપ્રધાન મોદીએ એકતાનગર ખાતે આવેલા રેઈન ફોરેસ્ટની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત વામન વૃક્ષ વાટિકાની મુલાકાત લઈને ત્યાં વિકસાવવામાં આવેલી વિવિધ વિશેષતાઓ અને પ્રાકૃતિક સૌંદર્ય અંગે જાણકારી મેળવી હતી. એકતાનગરમાં પ્રવાસન સાથે પર્યાવરણનું જતન થાય તે હેતુથી અનેક આકર્ષણો વિકસાવવામાં આવ્યાં છે. રેઈન ફોરેસ્ટ અને વામન વૃક્ષ વાટિકા પ્રવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. આ સ્થળો પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓને પર્યાવરણની વિવિધતા નિહાળવાની તક પૂરી પાડે છે.

ઉલ્લેખનીય છે કે, સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ થયા બાદ એકતાનગર દેશના અગ્રણી પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવ્યું છે. અહીં દર વર્ષે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાતે આવે છે. પ્રવાસન સુવિધાઓના વિસ્તરણ અને નવા વિકાસકાર્યોને કારણે આ વિસ્તારનું આકર્ષણ સતત વધી રહ્યું છે.

રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, મહાનુભાવો, અધિકારીઓ તેમજ વિવિધ સુરક્ષા દળોના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. સરદાર પટેલની વિશાળ પ્રતિમાની સાક્ષીએ યોજાયેલા આ કાર્યક્રમમાં રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ જાળવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો. આમ, સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણી નિમિત્તે એકતાનગરમાં શ્રધ્ધાંજલિ, વિકાસ અને રાષ્ટ્રીય એકતાનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો.

નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં સિંહસ્થ મહાકુંભ મેળાનો હર્ષોલ્લાસથી પ્રારંભ

રાષ્ટ્રપતિના હસ્તે રામકુંડ ખાતે ધ્વજારોહણ અને સ્તંભપૂજન; ૨૦ મહિના ચાલનારા મેળામાં ૧૨ કરોડથી વધુ શ્રધ્ધાળુઓ આવવાનો અંદાજ

નાશિક,તા.૩૧

મહારાષ્ટ્રનાં પવિત્ર ધાર્મિક શહેરો નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં આજથી સિંહસ્થ મહાકુંભ મેળાનો સત્તાવાર પ્રારંભ થયો છે. બપોરે ૧૨ વાગ્યે ૨ મિનિટે રાષ્ટ્રપતિએ નાશિકના રામકુંડ ખાતે ધ્વજારોહણ અને સ્તંભપૂજન કરીને મહાકુંભના ધાર્મિક કાર્યક્રમોની શરૂઆત કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં સંતો, મહંતો અને શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.



દર ૧૨ વર્ષે યોજાતા આ મહાકુંભમાં દેશ-વિદેશમાંથી કરોડો શ્રધ્ધાળુઓ ઉમટી પડવાની આશા છે. નાશિકમાં ગોદાવરી નદીના રામકુંડ અને ત્ર્યંબકેશ્વરમાં કુશાવર્ત તીર્થ ખાતે પવિત્ર સ્નાનનું વિશેષ ધાર્મિક મહત્ત્વ છે. આશરે ૨૦ મહિના સુધી ચાલનારા આ મેળામાં નાશિક ખાતે સ્નાન માટે ૪૪ અને ત્ર્યંબકેશ્વરમાં ૫૩ શુભ મુહૂર્ત નક્કી કરવામાં આવ્યાં છે.સરકારના અંદાજ મુજબ નાશિકમાં ૮ થી ૧૦ કરોડ અને ત્ર્યંબકેશ્વરમાં આશરે ૪ કરોડ શ્રધ્ધાળુઓ દર્શન અને પવિત્ર સ્નાન માટે પહોંચશે. આ આયોજનની વિશેષતા એ છે કે વૈષ્ણવ અને શૈવ અખાડાઓનાં શાહી સ્નાન અલગ-અલગ તીર્થસ્થળોએ યોજાશે. નાશિક અને ત્ર્યંબકેશ્વરને મહાકુંભનાં બે મુખ્ય કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવ્યાં છે.

આ પ્રસંગે શંખનાદ દ્વારા સર્જાયેલા ગિનિસ વિશ્વ વિક્રમનું પ્રમાણપત્ર પણ અર્પણ કરવામાં આવશે. મહાકુંભના પ્રારંભ પહેલાં શુક્રવારે નાશિકમાં મહાધ્વજ ગ્રામ પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર વિસ્તારમાં ધાર્મિક ઉત્સાહ અને ભક્તિમય માહોલ જોવા મળી રહ્યો છે.


હિન્દુ ધર્મ વિરૂધ્ધની ટિપ્પણી બદલ ઈઝરાયલે ભારતીયોની માફી માગી

૨૬બી યોસી મિઝરાહીના નિવેદનને ઈઝરાયલી રાજદૂતે ઘૃણાસ્પદ ગણાવ્યુ

નવી દિલ્હી,તા.૩૧

હિન્દુ ધર્મ, ગૌપૂજા અને ભારતીય તબીબો વિશે વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરનારા ઈઝરાયલી-અમેરિકન ૨બ્બી યોસી મિઝરાહીના નિવેદનને લઈને ઈઝરાયલ તરફથી કડક પ્રતિક્રિયા આપવામાં આવી છે. મધ્ય અને પશ્ચિમ ભારત માટેના ઈઝરાયલી રાજદૂત યાનીવ રેવાચે મિઝરાહીનાં નિવેદનોની આકરા શબ્દોમાં નિંદા કરી છે. તેમણે આ નિવેદનોને અત્યંત ઘૃણાસ્પદ ગણાવી





ભારતીયો અને હિન્દુ સમુદાય સમક્ષ ઈઝરાયલ વતી માફી માગી છે. યાનીવ રેવાચે સામાજિક માધ્યમ પર પોતાની નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, યોસી મિઝરાહીની હિન્દુ ધર્મ વિરુધ્ધની ઝેરી અને વાંધાજનક ટિપ્પણીઓથી તેમને ભારે ઘૃણા થઈ છે. તેમણે મિઝરાહીને કટ્ટરપંથી ગણાવતાં કહ્યું કે, હોલોકોસ્ટનો ઈનકાર કરનારી આ વ્યક્તિ પોતાના અજ્ઞાન સિવાય અન્ય કોઈનું પ્રતિનિધિત્વ કરતી નથી. ઈઝરાયલ અને બ્રિટનના મુખ્ય પ્રવાહના યહૂદી સમુદાયોએ પણ મિઝરાહીનો બહિષ્કાર કર્યો હોવાનું તેમણે જણાવ્યું હતું. ભારત અને ઈઝરાયલ વચ્ચેના ગાઢ સંબંધોનો ઉલ્લેખ કરતાં રાજદૂતે કહ્યું કે, યહૂદી અને ઈઝરાયલી સમુદાયના લોકો ભારત તથા તેની ધાર્મિક આસ્થાઓનું સન્માન કરે છે. મિઝરાહીનાં બેજવાબદાર નિવેદનોને કારણે બંને દેશોના મજબૂત સંબંધોને જે નુકસાન પહોંચ્યું છે, તેના બદલ ઈઝરાયલ દિલથી માફી માગે છે. રાજદૂતની આ સ્પષ્ટ પ્રતિક્રિયાને ભારત પ્રત્યેના સન્માન અને બંને દેશો વચ્ચેની મિત્રતાને જાળવી રાખવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

ઈસરોનું નેવિગેશન ઉપગ્રહ એનવીએસ-૦૩ ભ્રમણકક્ષામાં સ્થાપિત


શ્રીહરિકોટા, તા.૩૧

ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા દેશની નેવિગેશન ક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે નેવિગેશન ઉપગ્રહ એનવીએસ-૦૩નું સફળતાપૂર્વક પ્રક્ષેપણ કરવામાં આવ્યું છે. આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્થિત પ્રક્ષેપણ કેન્દ્ર પરથી શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે ૫૧ મિનિટે જી.એસ.એલ.વી.-એફ૧૮ રોકેટ દ્વારા ઉપગ્રહને અંતરિક્ષમાં મોકલવામાં આવ્યો હતો. પ્રક્ષેપણ બાદ લગભગ ૧૮ મિનિટમાં રોકેટના



ત્રણેય તબક્કાએ સફળતાપૂર્વક કામગીરી પૂર્ણ કરી હતી. ત્યારબાદ ૨,૨૩૨ કિલોગ્રામ વજન ધરાવતો એનવીએસ-૦૩ ઉપગ્રહ રોકેટથી અલગ થઈ પોતાની નિર્ધારિત ભ્રમણકક્ષામાં સ્થાપિત થયો હતો. આ ઉપગ્રહ ભારતભરમાં તેમજ દેશની સરહદથી આશરે ૧,૫૦૦ કિલોમીટર દૂર સુધી ચોક્કસ સ્થાન અને દિશા દર્શાવવાની સુવિધા પૂરી પાડશે. ઉલ્લેખનીય છે કે ભારતની સ્વદેશી નેવિગેશન વ્યવસ્થા ‘નાવિક’ વિકસાવવાની જરૂરિયાત ૧૯૯૯ના કારગિલ યુધ્ધ દરમિયાન અનુભવાઈ હતી. તે સમયે ભારતે સૈન્ય હેતુ માટે સ્થાન સંબંધિત માહિતી મેળવવા અમેરિકાની જીપીએસ વ્યવસ્થાનો સહારો માગ્યો હતો, પરંતુ અમેરિકાએ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ ભારતે પોતાની સ્વતંત્ર નેવિગેશન વ્યવસ્થા વિકસાવવાનો નિર્ણય લીધો હતો.





સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
રવિવાર, તા.૦૧-૧૧-૨૦૨૬

મોટી કુંકાવાવમાં બે અદ્યતન પ્રાથમિક શાળાનાં ભવનોનું કૌશિકભાઈ વેકરીયાના હસ્તે લોકાર્પણ

અમરેલી, તા. ૩૧



અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ ખાતે શિક્ષણ ક્ષેત્રે સુવિધાઓનો વ્યાપ વધારવાના હેતુથી કાયદા અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રૂ. ૨.૪૦ કરોડના ખર્ચે નવનિર્મિત બે અદ્યતન પ્રાથમિક શાળાનાં ભવનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રૂ. ૧.૧૪ કરોડના ખર્ચે નિર્મિત શ્રી પેસેન્ટર કન્યા શાળા-૨ અને રૂ. ૧.૨૬ કરોડના ખર્ચે નિર્મિત શ્રી ભક્તિનગર પ્રાથમિક શાળાના આધુનિક સુવિધાઓથી સજ્જ ભવનોનું રાજ્યમંત્રીના હસ્તે રિબન કાપીને લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે બંને શાળાઓનાં ભવનો વિદ્યાર્થીઓ અને ગ્રામજનો માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને પણ ખાનગી શાળાઓ જેવું શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર શૈક્ષણિક વાતાવરણ મળી રહે તે હેતુથી બંને શાળાઓમાં આધુનિક શૈક્ષણિક સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અત્યાધુનિક ડિજિટલ સ્માર્ટ ક્લાસરૂમ, આધુનિક સ્માર્ટ સ્ટડી બોર્ડ અને ટેકનોલોજીનું જ્ઞાન મેળવવા માટે કોમ્પ્યુટર લેબ તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અને સુવિધાને પ્રાધાન્ય આપીને શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા તેમજ આધુનિક સેનિટેશન બ્લોક પણ બનાવવામાં આવ્યા છે. આ સુવિધાઓથી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક શિક્ષણ મેળવવાની નવી તકો ઉપલબ્ધ થશે. લોકાર્પણ કાર્યક્રમને સંબોધતા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં પણ શિક્ષણનું સ્તર વધુ ઊંચું લાવવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા માટે સતત પ્રયત્નશીલ છે. શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રના વિકાસનો પાયો છે. દરેક વાલીઓએ પોતાનાં બાળકોને સરકારી શાળાઓમાં શિક્ષણ અપાવવાનો આગ્રહ રાખવો જોઈએ. સરકારી શાળાઓમાં પણ હવે ખાનગી શાળાઓની સમકક્ષ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બની રહી છે, ત્યારે વાલીઓએ સરકારી શિક્ષણ વ્યવસ્થા પર વિશ્વાસ રાખવો જોઈએ. ઉલ્લેખનીય છે કે, વર્તમાન સમયમાં શિક્ષણ ક્ષેત્રે ડિજિટલ ટેકનોલોજીનું મહત્ત્વ સતત વધી રહ્યું છે.

સરકારના આવા પ્રયાસોથી છેવાડાના ગ્રામ્ય વિસ્તારોનાં બાળકોને પણ ગુણવત્તાસભર શિક્ષણની સમાન તકો મળી રહી છે. પરિણામે ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ શહેરી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓની સમકક્ષ સ્પર્ધા કરી શકે તેવું વાતાવરણ ઊભું થઈ રહ્યું છે. મોટી કુંકાવાવ ખાતે યોજાયેલા આ લોકાર્પણ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો, કુંકાવાવ એપીએમસીના ચેરમેન ગોપાલભાઈ અંટાળા, મોટી કુંકાવાવના સરપંચ સંજયભાઈ લાખાણી, ગ્રામ પંચાયતના સભ્યો, બંને શાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ લોકાર્પણથી મોટી કુંકાવાવના શૈક્ષણિક વિકાસમાં નવી સુવિધાઓનો ઉમેરો થયો છે.

સરંભડા ગામે સરદાર પટેલ જન્મજયંતી નિમિત્તે એકતા યાત્રાનું આયોજન કરાયું

શેત્રુંજી બચાવો અભિયાનના સભ્યો સહિત તમામ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા

બાબાપુર,તા.૩૧



તસવીર : હસમુખ રાવલ

સરંભડા ગામે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે શેત્રુંજી બચાવો અભિયાન અને ગ્રામજનો દ્વારા એકતા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ગામના તમામ નાગરિકો, ભાઈઓ, બહેનો, યુવાનો તેમજ સર્વ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ મધુભાઈ હરખાણી, તાલુકા પંચાયત સભ્ય રાજેશભાઈ કાછડીયા, સરપંચ વિનુભાઈ દુધાત સહિત દલસુખભાઈ દુધાત, રવજીભાઈ ગઢીયા, કાળુભાઈ ડોંગા, માવજીભાઈ બાજરીયા, ધીરુભાઈ ગઢીયા અને પરસોત્તમભાઈ સોજીત્રા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શેત્રુંજી બચાવો અભિયાનના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

અમરેલી શહેરમાં દિવાળી સ્પેશ્યલ વાનગી અને રંગોળી સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૩૧



નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા સંઘવી ધર્મશાળા હોલ ખાતે દિવાળી સ્પેશ્યલ વાનગી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાજપ જિલ્લા મંત્રી કિન્નાબેન મકવાણા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, અલકાબેન ગોંડલિયા, નિરાલીબેન જાની, જયશ્રીબેન કાનાણી, કાશ્મીરાબેન વ્યાસ સહિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી. વાનગી સ્પર્ધામાં બહેનોએ વિવિધ સ્વાદિષ્ટ વાનગીઓ રજૂ કરી હતી, જ્યારે રંગોળી સ્પર્ધામાં સુંદર રંગોળીઓ બનાવી ઉત્સાહ દર્શાવ્યો હતો. વાનગી સ્પર્ધાના નિર્ણાયક તરીકે નયનાબેન વિષ્ણુસ્વામી, માધવીબેન ભટ્ટ અને સિદ્ધિબેન મોટીએ સેવા આપી હતી. રંગોળી સ્પર્ધામાં કિરણબેન પડાયા, ચેતનાબેન બાજક અને મીનાક્ષીબેન ઠાકરે નિર્ણાયકની ભૂમિકા ભજવી હતી. લીનાબેન શાહ અને જલ્પાબેન બોસમિયાએ સંચાલન કર્યું હતું. કાર્યક્રમ સફળ રહ્યો હતો.

રાજુલાના જીવાબાવાના ચોકની ઘટના

મઝલીસ રાખવા બાબતે પ્રૌઢને ઢીકાપાટુ મારી ધમકી આપી

બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

રાજુલા,તા.૩૧

રાજુલામાં 'તું કેમ તારા ઘરે રોજ રાત્રે મઝલીસ રાખે છે એ હું જોઈ લઉં છું' કહી પ્રૌઢને ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે સજ્જાદઅલી હુસેનઅલી મુની (ઉ.વ.૬૬)એ આશીકભાઈ તુરાબઅલી મુની સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ જીવાબાવાના ચોકમાં બેઠા હતા તે દરમિયાન આરોપી મોટરસાઈકલ લઈ આવી તેમને ગાળો આપવા લાગ્યો હતો. તેમજ બે ઝાપટ મારીને 'તું કેમ તારા ઘરે રોજ રાત્રે મઝલીસ રાખે છે એ હું જોઈ લઉં છું' એમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે ઢીકાપાટુનો મૂંઢ માર માર્યો હતો. આ બાબતે તેમનાં પત્ની સમાજના આગેવાનો પાસે આરોપીને સમજાવવા માટે કહેવા જતાં આરોપીને સારું ન લાગતાં તેઓને પણ મનફાવે તેમ ગાળો આપી પથ્થર ઉપાડીને મારવા દોડ્યો હતો. જે બાદ આશીકઅલી તુરાબઅલી મુની (ઉ.વ.૫૪)એ સજ્જાદઅલી હુસેનઅલી મુની તથા નુરજહાબેન સજ્જાદઅલી મુની સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના સમાજમાં સામાજિક આગેવાન તરીકે કામ કરતા હતા, જે વાત બંને આરોપીઓને ગમતી નહોતી. જેનું મનદુઃખ રાખી તેમને મનફાવે તેમ ગાળો આપી શરીરે મૂંઢ માર મારીને ઈજા કરી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

અમરેલીના જાળિયા ખાતે ઉત્સાહભેર ઉજવાયો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ

અમરેલી તા. ૩૧

અમરેલી તાલુકાના જાળિયા ગામે ખેડૂતોના આર્થિક સશક્તિકરણના હેતુથી પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લાના અગ્રણી બ્રિજેશભાઈ કુરૂન્દલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ૨૪મો હપ્તો જમા થતાં ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો.કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સદસ્ય જગદિશભાઈ પોકળ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય શંભુભાઈ મહિડા અને પ્રાગજીભાઈ હિરપરાએ ખેડૂતોને યોજનાકીય માહિતી આપી હતી. ગ્રામસેવક વધાસીયા અને જિલ્લા મધ્યસ્થ બેંકના મેનેજર ઘનશ્યામભાઈ રામાણીએ બેંકિંગ તથા કૃષિ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સંદિપ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું હતું અને અશ્વિનભાઈ સાંગાણીએ સંચાલન કર્યું હતું. બ્રિજેશભાઈ ગોંડલીયા સહિતની ટીમે કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

જીરા ગામે પી.એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરાઈ

ધારી,તા.૩૧



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના જીરા ગામે જિલ્લા પંચાયત સરસિયાના સહયોગથી પી. એમ. કિસાન ઉત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પી.એમ. કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત ૨૪મા હપ્તાના ડિજિટલ કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવા ખાસ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા અનુસૂચિત મોરચાના મહામંત્રી શાંતિલાલ પરમાર, કારોબારી ચેરમેન રમેશભાઈ માલણીયા, મહામંત્રી ચંદ્રેશભાઈ વાળા, સરપંચ અનિરુધ્ધભાઈ વાળા, તલાટી મંત્રી હેતલબેન મકવાણા, મનીષભાઈ જોષી, મોહિતભાઈ લલીયા, શાળા સ્ટાફ, આરોગ્ય વિભાગના અધિકારી મકવાણા સહિતના કર્મચારીઓ અને આસપાસનાં ગામોના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. શાંતિલાલ પરમારે દિવસ-રાત મહેનત કરીને દેશને અન્ન પૂરું પાડતા ખેડૂતોની કામગીરીને બિરદાવી હતી તથા કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતલક્ષી યોજનાઓની પ્રશંસા કરી હતી. કાર્યક્રમ સફળ રહ્યો હતો.

બાબરાના ગમા પીપળીયા ગામે પીએમ કિસાન સન્માન નિધિ દિવસની ઉજવણી

બાબરા,તા.૩૧



બાબરા તાલુકાના ગમા પીપળીયા ગામે પીએમ કિસાન સન્માન નિધિ ઉત્સવ દિવસ નિમિત્તે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, આગેવાનો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોના હિત અને કલ્યાણ માટેની પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંગે જાગૃતિ લાવવા તેમજ કૃષિ ક્ષેત્રના વિકાસ માટે કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન કિરીટભાઈ બગડા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ જયાબેન ગેલાણી, તાલુકા હેલ્થ ઓફિસર અક્ષય ટાંક, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીવાજીભાઈ રાઠોડ સહિત વિવિધ ગામોના સરપંચો, ભાજપના હોદ્દેદારો, કિસાન મોરચાના આગેવાનો, તાલુકાના કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સૌએ સહયોગ આપ્યો હતો.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Super Splendor
Hero
75 km/l* BEST-IN-CLASS MILEAGE
Super JHAKAAS MILEAGE
On Road Price ₹91,999/-*
SUPER SILENT START
SUPER NEW GRAPHICS
SUPER LED HEADLAMP
SCAN TO KNOW MORE
नया Super Splendor XTEC 2.0
125cc
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

	શ્રી ગણેશાય નમઃ	
	શ્રી ૧	
	શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે	
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
● શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
● નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
● પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૯

અમરેલીમાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી

અમરેલી, તા. ૩૧



દેશના અન્નદાતા ખેડૂતો આર્થિક રીતે સધ્ધર અને સશક્ત બને તેવા આશય સાથે અમરેલીના ત્રિ-મંદિર સ્થિત જાયજેન્ટિક હોલ ખાતે જિલ્લાકક્ષાના 'પી.એમ. કિસાન ઉત્સવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયનાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતના મહાનુભાવો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બનાસકાંઠાના ભીલડી ખાતેથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા દેશભરના ખેડૂતોને સંબોધન કર્યું હતું. તેમનું પ્રેરણાત્મક સંબોધન અમરેલી ખાતે ઉપસ્થિત મહાનુભાવો અને ખેડૂતોએ જીવંત નિહાળ્યું હતું.પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ અમરેલી જિલ્લાના ૧.૯૩ લાખથી વધુ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં ૨૪મા હપ્તા પેટે રૂ. ૩૮.૭૧ કરોડથી વધુની સહાય સીધી જમા કરવામાં આવી હતી. આ સહાય મળતાં જિલ્લાના ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી હતી.કાર્યક્રમમાં અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતાં કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દેશના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. આ યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂત સુધી કોઈપણ વચેટિયા વિના સીધો તેમના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી)ના માધ્યમથી પહોંચાડવામાં આવે છે. તેના કારણે સરકારી સહાયની પ્રક્રિયામાં પારદર્શિતા અને ઝડપ આવી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનના નેતૃત્વમાં દેશમાં દરેક સમાજ અને દરેક વર્ગનું સશક્તિકરણ થઈ રહ્યું છે. ભારત વિકાસના માર્ગે ઝડપથી આગળ વધી રહ્યું છે. દેશની મહિલાઓ અને દીકરીઓ આજે દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે અને પોતાની ક્ષમતા તથા શક્તિના આધારે નવા શિખરો સર કરી રહી છે.આ કાર્યક્રમ દરમિયાન અમરેલી જિલ્લામાં ગાય આધારિત અને રાસાયણિક મુક્ત પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા પ્રગતિશીલ ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ખેતીવાડી વિભાગની વિવિધ ખેડૂતલક્ષી કલ્યાણકારી યોજનાઓ હેઠળ પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પૂર્વમંજૂરીના હુકમો અને સહાયપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ પાત્ર ખેડૂત પરિવારોને વાર્ષિક રૂ. ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આર્થિક સહાયથી ખેડૂતોને બિયારણ, ખાતર અને અન્ય ખેતીલક્ષી સામગ્રીની ખરીદીમાં મદદ મળે છે. નાના અને સીમાંત ખેડૂતોને ખેતીના ખર્ચમાં રાહત આપવા તેમજ તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનાવવામાં આ યોજના મહત્વની ભૂમિકા ભજવી રહી છે.આ કાર્યક્રમમાં અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, અગ્રણી અતુલભાઈ કાનાણી, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, સુપરન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર હર્ષિતા ગોયલ, જિલ્લા વિકાસ અધિકારી (ઈન્ચાર્જ) કે.જે. જાડેજા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેક્ટર ડોડિયા, અમરેલી પ્રાંત અધિકારી જાડેજા, જિલ્લા ખેતીવાડી અધિકારી કાનાણી સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

સરદાર પટેલની જન્મજયંતી નિમિત્તે અમરેલીમાં ભવ્ય 'એકતા દોડ' યોજાઈ

અમરેલી,તા.૩૧





લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતી અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા 'રન ફોર યુનિટી' એટલે કે 'એકતા દોડ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ ફોરવર્ડ સર્કલ ખાતેથી દોડને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત લોકોએ દેશભક્તિના નારા લગાવી રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપ્યો હતો.એકતા દોડ ફોરવર્ડ સર્કલથી શરૂ થઈ નાગનાથ મહાદેવ મંદિર, રાજકમલ ચોક અને ટાવર રોડ થઈને ફરી ફોરવર્ડ સર્કલ ખાતે પૂર્ણ થઈ હતી. કાર્યક્રમમાં સાંસદ ભરત સુતરીયા અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી પણ જોડાયા હતા.

આ ઉપરાંત અમરેલી નગરપાલિકાનાં પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, જિલ્લાના અગ્રણી અતુલ કાનાણી, જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા અને જિલ્લા પોલીસ વડા સંજય ખરાત ઉપસ્થિત રહ્યા હતા. માર્ચમાં અમરેલી પોલીસના જવાનો, જિલ્લા કક્ષાની રમતગમત શાળાના ખેલાડીઓ, સરકારી કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ જાળવી રાખવાના શપથ લીધા હતા.ઉલ્લેખનીય છે કે સરદાર વલ્લભભાઈ પટેલે દેશની આઝાદી બાદ ૫૬૨ દેશી રજવાડાંને ભારતીય સંઘમાં જોડવામાં ઐતિહાસિક અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમની જન્મજયંતીને રાષ્ટ્રીય એકતા દિવસ તરીકે ઉજવીને દેશની એકતા અને અખંડિતતાનો સંદેશ આપવામાં આવે છે.

રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ ફોરવર્ડ સર્કલથી દોડને લીલી ઝંડી આપી; સાંસદ ભરત સુતરીયા સહિત આગેવાનો, પોલીસ જવાનો, ખેલાડીઓ અને નાગરિકો જોડાયા

ધારીના દલખાણીયા ગામે બીમારીથી કંટાળી યુવકે ઝેરી દવા પીતા મોત

ધારી, તા.૩૧

ધારીના દલખાણીયા ગામે બીમારીથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી હતી, જેના કારણે તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ અંગે દિનેશભાઈ ખીમજીભાઈ મહીડા (ઉ.વ.૪૪)એ જાહેર કર્યા મુજબ, જગદીશભાઈ ખીમજીભાઈ મહીડા (ઉ.વ.૩૮)ને લાંબા સમયથી હૃદયની બીમારી હતી, જેનાથી કંટાળીને પોતાની મેળે ઝેરી દવા પી જતાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

લાઠીના કાંચરડી ગામે ધારાસભ્ય જનક તળાવીયાની હાજરીમાં પી.એમ. કિસાન સન્માન દિવસ ઉજવાયો

લાઠી,તા.૩૧



લાઠી તાલુકાના કાંચરડી ગામે ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં પી.એમ. કિસાન સન્માન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતો, ગ્રામજનો અને આગેવાનોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું લાઈવ સંબોધન નિહાળ્યું હતું, જેમાં તેમણે આધુનિક ખેતી, આવકવૃદ્ધિ અને ખેડૂતલક્ષી યોજનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું કે સરકાર ખેડૂતોને આત્મનિર્ભર અને સશક્ત બનાવવા આર્થિક સહાય, સિંચાઈ તથા નવી ટેક્નોલોજી જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકી રહી છે. ખેડૂત સમૃધ્ધ બનશે તો જ ગામડું અને દેશ સમૃધ્ધ થશે. તેમણે ઉપસ્થિત ખેડૂતો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા, સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

નાની ધારી ગામે ચકોહરની સીમમાંથી દેશી દારૂનો ૧૯ લીટર આથો પકડાયો

ખાંભા, તા.૩૧

ખાંભાના નાની ધારી ગામે ચકોહરની સીમમાંથી દેશી દારૂનો ૧૯ લીટર આથો પકડાયો હતો. પોલીસે અહીંથી કુલ રૂ.૩,૮૧૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સિવાય અન્ય છ જગ્યાએથી ૨૭ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. જ્યારે જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૭ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા મળી આવ્યા હતા.



ખાંભાના ચકાવાપરામાં વીજળી પડતાં મહિલાનું મોત

ખાંભા, તા.૩૧

અમરેલી જિલ્લામાં વીજળીના કડાકા-ભડાકા સાથે કમોસમી વરસાદ પડ્યો હતો. આ દરમિયાન વીજળી પડતાં ખાંભાના ચકાવાપરામાં મહિલાનું મોત થયું હતું. આ અંગે ભરતભાઈ આતુભાઈ મકવાણા (ઉ.વ.૩૩) એ જાહેર કર્યા મુજબ, માધીબેન આતુભાઈ મકવાણા (ઉ.વ.૪૬) પર કમોસમી વરસાદ દરમિયાન વીજળી પડતાં તેઓ મરણ પામ્યા હતા.

અમરેલીમાં બે સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૧૫૦ લીટર આથો ઝડપાયો

અમરેલી, તા.૩૧

અમરેલીમાંથી પોલીસે બે સ્થળેથી દેશી દારૂ બનાવવાનો ૧૫૦ લીટર આથો ઝડપ્યો હતો. પોલીસે બંને સ્થળેથી મળી કુલ રૂ. ૩,૯૫૦ નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત બાબરાના ચરખા ગામેથી બે તથા નાના જીંજુડા, ચલાલા, બાબરા, હામાપુર અને અમરેલીમાંથી એક-એક મળી કુલ સાત ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

અવસાન નોંધ

જામનગર

જામનગર નિવાસી રાજ્ય પુરોહિત બ્રાહ્મણ સ્વ.લાધીબેન તથા સ્વ.જેશંકર કેશવજી ભટ્ટના પુત્રવધુ અ.સૌ.મૃદુલાબેન જેઓ પ્રવિણચંદ્ર જેશંકર ભટ્ટના પત્ની તથા સ્વ. કુંદનલાલ જેશંકર ભટ્ટના નાનાભાઈના પત્ની ઉ.વ.૮૩ તા.૩૦/૧૦/૨૦૨૬ના વૈકુંઠધામ પામેલ છે, જે " વંદનાબેનના માતૃશ્રી, તેમજ સ્વ.જીતેન્દ્રભાઈ નરેન્દ્રભાઈ, સ્વ. જ્યોતિન્દ્ર, ભવનેશભાઈના કાકીમા, ભાવનાબેન ભરતકુમાર આશાના કાકી, તથા સ્વ. વૃજકુવરબેન તથા સ્વ. પ્રાગજી કરશનજી ગોપિયાણી (બીડીવાડા)ના નાના સુપુત્રી તેમજ સ્વ. શાંતિલાલ, સ્વ. પ્રભુલાલ, સ્વ.જયંતભાઈ, મુકુંદભાઈ, જયસુખભાઇ, જનકભાઈ પ્રાગજીભાઈ ગોપિયાણીના બેન થાય સદગતનું ઉઠમણું તા. ૨/૧૧/૨૦૨૬ સોમવારે સાંજે ૫-૦૦ કલાક થી ૫-૩૦ સુધી શ્રી રાજ્ય પુરોહિત બ્રાહ્મણની બ્રહ્મપુરી, રાજગોર ફરી, શેરી નંબર -૧, પંજાબ નેશનલ બેંક પાસે, દશાના વંડા સામે, જામનગર મુકામે પુરુષો તથા મહિલાઓ માટે રાખવામાં આવેલ છે.

ધોરાજી

ધોરાજી નિવાસી સાઠોદરા નાગર બ્રાહ્મણ ગં. સ્વ. મંજુલાબેન હર્ષદરાય કવિશ્વર (ઉ.વ. ૯૬) તે હર્ષદરાયના પત્ની, પિયુષભાઇ, પિનાકીનભાઈ, નલિનીબેન વસાવડા (રાજકોટ)મીનાબેન પાઠક (જૂનાગઢ)ના માતુશ્રીનું આજરોજ તા. ૩૧/૧૦/૨૦૨૬ (શનિવાર)ના રોજ અવસાન થયેલ છે. સદ્ગતનું ઉઠમણું તા. ૦૨/૧૧/૨૦૨૬ (સોમવાર)ના રોજ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૩૦ કલાકે,સમસ્ત બ્રહ્મ સમાજની વાડી ,બગીચા પાસે, સ્ટેશન પ્લોટ,ધોરાજી રાખેલ છે.







ધારીમાં શેરબજારમાં રોકાણના નામે રૂ. ૩૬.૮૯ લાખથી વધુની છેતરપિંડી

ધારી, તા.૩૧

ધારી પંથકમાં ફાયનાન્સ મેનેજર તરીકે ફરજ બજાવતા એક મહિલા સાથે સ્ટોક માર્કેટમાં ઊંચા વળતરની લાલચ આપી રૂ. ૩૬,૮૯,૮૬૦ની ઓનલાઈન છેતરપિંડી આચરવામાં આવી હતી. સાયબર ગઠિયાઓએ સુનિયોજિત કાવતરું રચી મહિલાની જીવનભરની બચત ઓળવી લીધી હતી. આ અંગે અરુન્ધતી રાજીવ કુમાર મુખરજી (ઉ.વ.૪૫)એ કોરાટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટફોર્મના ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના કર્મચારી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ પોતાની ઓળખ કોરાટ્રેડ સ્ટોક માર્કેટ પ્લેટફોર્મના ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના કર્મચારી તેમજ કાર્તિક મહેતા તરીકે આપી હતી. આરોપીઓ દ્વારા યુનાઈટેડ કિંગડમ (+૪૪)ના કોડ ધરાવતા મોબાઈલ નંબર પરથી અવારનવાર વ્હોટ્સએપ કોલ કરવામાં આવતા હતા. આરોપીઓએ 'કોરાટ્રેડ' પ્લેટફોર્મ દ્વારા શેરબજારમાં રોકાણ કરવાથી ટૂંકા ગાળામાં મોટો નફો થશે તેવી વાતો કરી વિશ્વાસ સંપાદિત કર્યો હતો. તેઓ વિશ્વાસમાં આવી જતાં આરોપીઓએ અલગ-અલગ તારીખોએ વિવિધ બેન્ક ખાતાઓમાં ઓનલાઈન ટ્રાન્સફર તેમજ આરટીજીએસ મારફતે કુલ રૂ. ૩૬,૮૯,૮૬૦ જમા કરાવી લીધા હતા. ત્યારબાદ, રોકાણ કરેલી મૂળ રકમ કે તેના પર દર્શાવવામાં આવેલો કથિત નફો પરત ન આપી તમામ રકમ ઓળવી જવામાં આવી હતી. મહિલાએ પોતાના નાણાં પરત મેળવવા પ્રયાસ કરતાં આરોપીઓ તરફથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. આખરે પોતાની સાથે ઓનલાઈન વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. કે. બી. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

કોરાટ્રેડ પ્લેટફોર્મ પર ઊંચા નફાની લાલચ આપી વિદેશી નંબરો પરથી સંપર્ક કરી ઠગાઈ આચરી

વિજપડી પે-સેન્ટર શાળામાં કેન્સર જાગૃતિ અંગે બે દિવસીય તાલીમ યોજાઈ

અમરેલી,તા.૩૧

વિજપડી પે. સે. શાળામાં 'કેન્સર જાગૃતિ અભિયાન' અંતર્ગત બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસપાસની ૧૨ જેટલી પેટાશાળાના શિક્ષકો અને આચાર્યોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા કેન્સરનાં પ્રારંભિક લક્ષણો, રોગ થવાનાં સંભવિત કારણો, બચાવનાં ઉપાયો તેમજ સમયસર નિદાન અને સારવારના મહત્ત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેન્સર અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી લોકોમાં જાગૃતિ ફેલાવવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. તાલીમમાં જોડાયેલા શિક્ષકોએ શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ અને ગ્રામજનો સુધી કેન્સર અંગેની સાચી માહિતી પહોંચાડવા તથા સમાજમાં જાગૃતિ ફેલાવવાનો સંકલ્પ લીધો હતો.



લીલીયાના ઈંગોરાળા (ડાંડ) ગામે પતિએ પત્નીને ઘરમાં આવીશ તો મારીને કબરમાં દાટી દેવાની ધમકી આપી

લીલીયા, તા.૩૧

લીલીયાના ઈંગોરાળા (ડાંડ) ગામે પતિએ પત્નીને ઘરમાં આવીશ તો મારીને કબરમાં દાટી દેવાની ધમકી આપી હતી. સાસરિયાએ તું ગાંડી છે કહી ત્રાસ આપ્યો હતો. બનાવ અંગે મદિનાબેન જમાલભાઈ કુરેશી (ઉ.વ.૨૭)એ પતિ નુરમહમદભાઈ ઈદ્રિશભાઈ શેખ, સસરા ઈદ્રિશભાઈ શેખ, સાસુ અફશાનાબેન શેખ, નણંદ હલીમાબેન શેખ તથા નણંદ ખુશ્બુબેન શેખ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને પતિ સાથે સમાધાન થયું હતું અને જે બાદ પણ સાસરિયા દ્વારા હેરાનગતિ કરવામાં આવતી હતી. તેઓ સમાધાન કરાવી આપનારાના ઘરે ગયા હતા, જેથી આ બાબતે સાસરિયાને સારું નહોતું લાગ્યું. પતિએ તેને ઘરમાંથી કાઢી મુકી હતી અને ફરીવાર આ ઘરમાં આવીશ તો મારીને કબરમાં દાટી દઈશું તેવી ધમકી આપી હતી. સાસુ-સસરા, નણંદોએ ઘરકામ બાબતે મેણા-ટોણા માર્યા હતા અને તું ગાંડી છે કહી ત્રાસ ગુજાર્યો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ રાજુભાઈ કથુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

સાસરિયાએ તું ગાંડી છે કહી ત્રાસ આપ્યો

લીલીયા સરકારી કોલેજ અને તાલુકા આરોગ્ય કચેરી વચ્ચે આરોગ્ય જાગૃતિ માટે સમજૂતી કરાર

લીલીયા,તા.૩૦

લીલીયા સ્થિત સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ અને તાલુકા આરોગ્ય કચેરી, લીલીયા વચ્ચે આરોગ્ય જાગૃતિ અને સામુદાયિક આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓ માટે સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યો હતો. આ કરાર પર કોલેજના આચાર્ય ડૉ. રાજેન્દ્ર રાઠોડ અને તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સિધ્ધપુરાએ હસ્તાક્ષર કર્યા હતા. આ પ્રસંગે NSS કાર્યક્રમ અધિકારી ડૉ. વિરાજ રાઠોડ, ડૉ. જય વાઘેલા અને ડૉ. પ્રકાશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ સહયોગ અંતર્ગત આરોગ્ય તપાસ શિબિરો, માસિક ધર્મની સ્વચ્છતા, પોષણ, એનિમિયા, થેલેસેમિયા, સંક્રમિત અને બિનસંક્રમિત રોગો તથા વ્યસન નિવારણ અંગે જાગૃતિ કાર્યક્રમો યોજાશે.



સાવરકુંડલામાં મિલકત બાબતે માથાકૂટ બાદ કુટુંબીજનોએ સામસામી ફરિયાદ નોંધાવી

સાવરકુંડલા,તા.૩૧

સાવરકુંડલામાં મિલકત બાબતે માથાકૂટ બાદ કુટુંબીજનોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. આ અંગે કિરણભાઈ દેવશીભાઈ બગડા (ઉ.વ.૩૪)એ રાકેશભાઈ મનસુખભાઈ બગડા (ઉ.વ.૨૬) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તથા આરોપીને અગાઉ મિલકત બાબતે માથાકૂટ-ઝઘડો થયો હતો, જેનું મનદુઃખ રાખી તેમને ગાળો આપી મૂંઢ માર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી.જે બાદ રાકેશભાઈ મનસુખભાઈ બગડા (ઉ.વ.૨૬)એ કિરણભાઈ દેવશીભાઈ બગડા (ઉ.વ.૩૪) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમને તથા આરોપીને અગાઉ થયેલા ઝઘડાનું મનદુઃખ રાખી ગાળો આપી મૂંઢ માર માર્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન. એન. ખસતીયા વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયામાં પતિના પાડોશી મહિલા સાથે પ્રેમસંબંધની જાણ થતાં પત્નીએ ઝેરી દવા પીધી

લીલીયા,તા.૩૧

લીલીયામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પતિના પાડોશી મહિલા સાથેના પ્રેમસંબંધની જાણ થતાં પત્નીએ ઝેરી દવા પીધી હતી. આ અંગે જાહેર થયેલી વિગત પ્રમાણે, પરિણીતાના પતિને પાડોશમાં રહેતી મહિલા સાથે પ્રેમસંબંધ હતો. જે અંગે પત્નીને જાણ થતાં પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ ન રાખવા સમજાવતાં તેમની વચ્ચે ઝઘડો થયો હતો. આ બાબતે મનમાં લાગી આવતાં પરિણીતાએ પોતાની મેળે ઝેરી દવા પી લેતાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

લીલીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

લીલીયાના સલડી ગામનો પાકા કામનો કેદી વચગાળાના જામીન પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયો

સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં હતો

લીલીયા, તા.૩૧

લીલીયાના સલડી ગામનો પાકા કામનો કેદી લાજપોર મધ્યસ્થ જેલમાંથી વચગાળાના જામીન પર છૂટીને ફરાર થઈ ગયો હતો. આ અંગે સુરતની લાજપોર મધ્યસ્થ જેલના જેલ સ્ટાફ ક્વાર્ટરના જ્યુડિશિયલ જેલર ધર્મેશભાઈ એન. ચૌધરીએ લીલીયાના સલડી ગામના પંકજ ઉર્ફે હાજો વિનુભાઈ માથાસુળીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીને સાત દિવસના વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો. તેની મુદત ૦૨-૦૯-૨૦૨૬ના રોજ પૂરી થતાં લાજપોર જેલ ખાતે હાજર થવાનું હતું, પરંતુ તે હાજર થયો નહોતો અને ફરાર થઈ ગયો હતો. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૭૭૦	૧૯૨૮
ઘઉં લોકવન	૫૮૦	૬૩૦
ઘઉં ટુકડા	૫૯૦	૭૨૧
જુવાર સફેદ	૧૪૭૮	૧૯૦૩
જુવાર લાલ	૭૦૦	૧૨૫૮
જુવાર પીળી	૫૦૦	૫૪૦
બાજરી	૪૧૫	૫૦૮
મકાઇ	૪૧૦	૫૬૦
તુવેર	૧૪૦૦	૧૯૪૦
ચણા પીળા	૧૨૧૦	૧૪૭૭
ચણા સફેદ	૧૫૫૦	૨૨૭૪
અડદ	૧૫૩૦	૧૯૯૬
મગ	૧૫૦૦	૧૭૮૦
વાલ દેશી	૮૦૦	૧૫૭૦
ચોળી	૯૦૦	૧૫૦૦
વટાણા	૭૫૦	૧૧૩૨
સીંગદાણા	૧૮૭૫	૨૦૫૦
મગફળી જાડી	૧૨૪૧	૧૭૦૦
મગફળી જીણી	૧૨૮૫	૧૭૯૧
તલી	૨૨૦૦	૩૧૭૭
એરંડા	૧૩૦૦	૧૫૭૨
સુવા	૧૨૦૧	૧૨૦૧
સોયાબીન	૧૨૦૦	૧૪૮૦
સીંગફાડા	૧૬૨૦	૧૮૯૦
કાળા તલ	૨૮૦૦	૪૦૫૧
લસણ	૧૧૩૧	૨૬૦૦
ધાણા	૨૭૫૦	૨૯૬૦
મરચા સુકા	૩૦૦૦	૫૩૫૦
ધાણી	૨૮૦૦	૨૯૮૧
વરીયાળી	૨૨૦૦	૨૯૦૦
જીરૂ	૪૫૭૦	૫૧૫૦
રાય	૧૫૫૭	૧૬૫૭
મેથી	૭૮૫	૨૧૭૭
અજમો	૧૪૫૦	૧૪૫૦
ક્લોંજી	૪૬૨૦	૫૧૫૮
રાયડો	૧૩૦૦	૧૬૯૯
રજકાનું બી	૫૬૦૦	૭૯૦૦
ગુવારનું બી	૧૪૫૦	૧૫૮૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૧૧૨	૨૨૧૦
પપૈયા	૧૪૨	૨૫૮
બટેટા	૧૨૮	૩૬૫
ડુંગળી સુકી	૩૫૦	૮૩૦
ટમેટા	૨૧૦	૩૯૫
સુરણ	૫૦૭	૬૯૨
કોથમરી	૧૦૨૪	૧૯૮૭
મુળા	૪૮૫	૬૭૯
રીંગણા	૧૮૯	૩૯૦
કોબીજ	૨૯	૭૮
ફ્લાવર	૨૪૪	૩૮૨
ભીંડો	૬૩૩	૯૮૧
ગુવાર	૬૧૭	૬૭૮
ચોળાસીંગ	૪૪૨	૭૮૪
વાલોળ	૪૨૭	૫૯૬
ટીંડોળા	૨૧૬	૫૯૦
દુધી	૧૦૫	૧૯૩
કારેલા	૨૧૪	૪૦૧
સરગવો	૬૬૯	૧૩૭૧
તુરીયા	૬૨૧	૮૧૪
પરવર	૮૦૨	૧૦૧૨
કાકડી	૪૪૬	૭૮૫
ગાજર	૩૧૫	૪૯૭
વટાણા	૨૦૨૩	૩૦૪૫
તુવેરસીંગ	૭૯૫	૧૦૨૨
ગલકા	૪૧૪	૬૭૮
બીટ	૩૫૨	૫૬૧
મેથી	૫૮૭	૭૯૭
વાલ	૭૮૯	૧૧૭૮
ડુંગળી લીલી	૪૦૧	૫૯૨
આદુ	૧૨૨૫	૨૯૭૬
મરચા લીલા	૩૦૫	૬૯૧
હળદર લીલી	૬૧૩	૯૨૫
લસણ લીલું	૨૦૨૧	૩૫૧૧
મકાઇ લીલી	૧૫૪	૨૯૨

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૫૦૦
મરચા	૨૦૦	૧૦૦૦
ગુવાર	૩૦૦	૧૨૦૦
કોબી	૪૦	૧૬૦
દુધી	૬૦	૩૦૦
ફ્લાવર	૨૦	૩૦૦
કાકડી	૧૬૦	૮૦૦
રીંગણા	૪૦	૨૦૦
ભીંડો	૨૦૦	૭૦૦
ગલકા	૧૦૦	૫૦૦
ગાજર	૩૦૦	૬૦૦
ટિંડોરા	૧૦૦	૬૦૦
તુવેર	૩૦૦	૮૦૦
વાલ	૪૦૦	૧૦૦૦
વટાણા	૨૦૦૦	૩૦૦૦
શક્કરીયા	૨૦૦	૭૦૦
કેરી કાચી	૨૦૦૦	૨૪૦૦
બટેટા	૧૬૦	૨૮૦
આંબળા	૩૦૦	૬૦૦
લીલી હળદર	૫૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૧૦	૨૫
તાંજરીયા પુરા	૨	૮
કોથમીર પુરા	૩	૧૧
મૂળા પુરા	૫	૧૦
કાચા કેળા	૧૬૦	૨૮૦
ચુરણ	૬૦૦	૮૦૦
પરવર	૬૦૦	૯૦૦
ઘીસોડા	૨૦૦	૬૦૦
લીંબુ	૫૦૦	૨૦૦૦
મેથી પુરા	૨	૧૫
બીટ પુરા	૫	૧૫
સરગવો પુરા	૧૦	૩૦
ચોરા	૧૮૦	૮૦૦
કારેલા	૨૦૦	૫૦૦
વાલોર	૧૦૦	૬૦૦
કાચા પોપૈયા	૪૦	૨૦૦
આદુ	૧૦૦૦	૨૦૦૦
મકાઇ ડોડા	૧૬૦	૩૦૦
પાલક પુરા	૩	૯

અમરેલી

શિંગ મઠડી	૧૩૫૫	૧૫૦૫
શિંગ ગીરનાર	૧૧૮૫	૧૫૭૫
શિંગ મોટી	૧૨૦૦	૧૬૫૦
તલ સફેદ	૨૨૩૦	૩૫૬૦
તલ કાળા	૨૩૫૦	૪૧૭૫
તલ કાશમીરી	૨૭૮૦	૨૭૮૦
બાજરો	૩૭૫	૫૮૦
જુવાર	૫૫૫	૧૮૭૫
ઘઉં ટુકડા	૫૩૦	૭૦૦
ઘઉં લોકવન	૫૯૦	૬૬૦
મકાઇ	૪૬૦	૬૬૦
મગ	૧૩૨૫	૨૧૨૫
અડદ	૧૦૨૦	૧૯૦૦
ચણા	૧૦૦૦	૧૪૬૫
સફેદ ચણા	૧૩૭૦	૧૪૫૦
વટાણા	૯૭૦	૯૭૦
તુવેર	૧૫૦૦	૧૭૯૦
વાલ	૧૪૧૫	૧૪૧૫
કપાસ	૧૦૬૦	૧૯૨૫
એરંડા	૧૪૧૫	૧૫૬૫
જીરૂ	૨૮૪૦	૫૦૮૦
ધાણી	૨૫૦૦	૨૭૫૦
મેથી	૧૨૫૦	૧૪૨૦
સોયાબીન	૧૦૦૦	૧૩૮૦
રજકાનું બી	૫૮૦૦	૭૫૦૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૫૦	૨૮૦
રીંગણા	૧૨૦	૪૦૦
ફુલાવર	૨૧૦	૨૬૦
કોબીજ	૧૧૦	૧૬૦
શક્કરિયા	૬૦૦	૭૦૦
ટમેટા	૩૦૦	૩૫૦
સુરણ	૯૦૦	૧૦૦૦
ગાજર	૫૨૦	૬૨૦
દૂધી	૧૫૦	૨૧૦
કારેલા	૪૦૦	૫૧૦
ગલકા	૪૦૦	૫૦૦
મૂળા	૨૦૦	૨૯૦
કાકડી	૪૦૦	૭૧૦
ગુવાર	૧૦૦૦	૧૨૦૦
વાલોળ	૫૦૦	૬૦૦
વટાણા	૨૪૫૦	૨૬૩૦
ચોળા લીલાં	૫૦૦	૬૨૦
તુરીયા	૫૦૦	૬૦૦
વાલ	૮૦૦	૯૦૦
ચિભડા	૫૦૦	૮૦૦
ભીંડો	૬૦૦	૭૦૦
હળદર લીલી	૯૨૦	૧૦૩૦
આદુ	૧૨૦૦	૧૨૫૦
કોથમીર	૧૦૫૦	૧૩૮૦
મેથીભાજી	૬૦૦	૭૦૦
કુદીનો	૮૦૦	૯૦૦

બાબરા

કપાસ	૧૮૩૦	૧૯૭૦
કપાસ મીડીયમ	૧૭૩૦	૧૮૭૦
મગફળી	૧૩૬૦	૧૫૭૧
તલ સફેદ	૨૮૪૦	૩૨૩૦
તલ કાળા	૩૩૩૦	૩૮૭૦
જીરૂ	૪૭૪૦	૫૩૦૦
ચણા	૧૩૫૦	૧૪૧૦
ઘઉં	૫૨૧	૫૭૨
અડદ	૧૭૪૦	૧૮૯૦
મગ	૧૫૪૦	૧૬૫૦
સોયાબીન	૧૩૫૧	૧૩૬૧

ખાંભા

કપાસ	૧૮૨૩	૧૬૦૦
મગફળી	૧૩૦૦	૧૪૫૦
ચણા	૧૩૬૦	૧૩૬૦
તલ કાળા	૩૮૧૦	૩૮૧૦
સોયાબીન	૧૩૦૧	૧૩૫૦
ઘઉં	૫૨૬	૫૨૬
મગ	૧૮૦૦	૧૮૦૦

બગસરા

કપાસ	૧૮૫૦	૧૬૫૦
ઘઉં લોકવન	૫૫૦	૬૦૭
ઘઉં ટુકડા	૫૮૦	૬૦૧
મગફળી	૬૦૦	૧૪૦૧
ચણા	૧૦૦૦	૧૪૧૫
લસણ	૫૦૦	૧૮૨૦
મકાઇ	૫૮૫	૫૮૫
સોયાબીન	૭૯૫	૧૩૫૭
જુવાર	૧૧૪૦	૧૧૪૦
અડદ	૫૦૦	૧૭૦૦
તલ સફેદ	૨૫૧૧	૩૦૭૫
શીંગદાણા	૧૨૦૦	૧૨૦૦
ચણા સફેદ	૯૬૦	૯૬૦

કોડીનાર

મગફળી નવી	૧૩૩૦	૧૬૫૪
બાજરી હાઇબ્રીડ	૪૫૦	૫૪૧
ઘઉં	૫૨૫	૬૫૬
જુવાર	૧૨૦૦	૧૬૨૨
અડદ	૧૩૦૦	૧૯૦૦
ચણા	૧૨૫૦	૧૪૩૫
સફેદ તલ	૨૫૦૦	૩૧૨૪
કાળા તલ	૨૩૦૦	૩૬૦૦
સોયાબીન	૧૧૪૦	૧૪૩૯
કપાસ	૧૭૨૦	૧૮૭૦
ડાંગર	૬૦૦	૧૦૧૨

મહુવા

શિંગ ગીરનાર	૧૧૦૦	૧૫૬૬
શિંગ ૬૬	૧૩૦૦	૧૬૭૫
શીંગ ૩૯	૧૦૦૦	૧૬૭૨
શિંગ જી-૨૦	૧૨૦૦	૧૬૫૭
જુવાર	૪૬૦	૧૨૪૫
બાજરી	૪૯૯	૫૮૧
બાજરો	૧૬૦૦	૧૬૦૧
ઘઉં ટુકડા	૫૪૦	૬૮૬
મકાઇ	૫૫૭	૬૨૦
અડદ	૧૫૮૦	૧૮૭૦
મગ	૨૭૨૮	૨૭૩૧
સોયાબીન	૧૨૫૬	૧૩૭૫
ચણા	૧૧૦૦	૧૪૦૬
તલ સફેદ	૨૮૫૫	૩૧૭૭
તલ કાળા	૫૦૦	૩૮૬૧
મેથી	૧૩૫૦	૧૩૫૦
ડુંગળી લાલ નવી	૧૦૦	૮૭૯
ડુંગળી લાલ જુની	૨૭૦	૭૭૮
ડુંગળી સફેદ નવી	૧૧૮	૭૭૨
ડુંગળી સફેદ જુની	૩૮૦	૬૦૯
કપાસ શંકર	૧૭૫૨	૧૮૧૮
નાળીયેર	૩૬૫	૩૦૬૦

લીલીયા મોટા

કપાસ	૧૮૪૪	૧૯૨૦

દુબઈના બુર્જ ખલીફા અને સિંગાપોરના યુનિવર્સલ સ્ટુડિયોની ટિકિટ હવે યુપીઆઈથી મળશે


મુંબઈ,તા.૩૧

વિદેશ ફરવા જતા ભારતીયો માટે સારા સમાચાર છે. હવે દુબઈના બુર્જ ખલીફા અને સિંગાપોરના યુનિવર્સલ સ્ટુડિયોઝ જેવી પ્રખ્યાત જગ્યાઓની ટિકિટ બુક કરવા માટે ઈન્ટરનેશનલ ક્રેડિટ/ડેબિટ કાર્ડ અથવા ઈન્ટરનેશનલ પેમેન્ટ ગેટવેની ઝંઝટ સમાપ્ત થઈ ગઈ છે.નાણાં મંત્રાલયે જણાવ્યું છે કે NPCIની ઈન્ટરનેશનલ શાખા (NIPL) એ બંને જગ્યાએ UPIથી પેમેન્ટ કરવાની સુવિધા શરૂ કરી દીધી છે. આ સાથે જ ૧૦ દેશોમાં તમે UPI પેમેન્ટ કરી શકો છો અને ટૂંક સમયમાં ઉઝબેકિસ્તાન પણ આ યાદીમાં સામેલ થનારો ૧૧મો દેશ બનવા જઈ રહ્યો છે.UAEમાં વિશ્વની સૌથી ઊંચી ઈમારત બુર્જ ખલીફાના ઓબ્ઝર્વેશન ડેક ('At the Top')ની ટિકિટ હવે તમે સીધા તમારા UPIથી ઓનલાઈન બુક કરી શકો છો. આ માટે NIPLએ નીયોપે (NEOPAY) અને એમાર એન્ટરટેઈનમેન્ટ સાથે ભાગીદારી કરી છે.

ચેટ જીટીપીમાં હથીયારો અને હિંસાની માહિતી નહીં મળે

મુંબઈ,તા.૩૧

હવે ChatGPT પાસેથી હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી માહિતી નહીં મળે. કંપનીએ શુક્રવારે જાહેરાત કરી કે તે કિશોરો માટે હથિયારો અને સુરક્ષા પ્રણાલીઓ સાથે જોડાયેલી વ્યવહારુ માહિતી પર કડક પ્રતિબંધ મૂકશે. આ નિયમ ત્યારે પણ લાગુ પડશે જ્યારે ઉપયોગકર્તાનો પ્રશ્ન દેખાવમાં સામાન્ય અથવા કોઈ હિંસક ઇરાદા વિનાનો હોય. દુનિયામાં હિંસા રોકવાના ઉદ્દેશથી કંપની આ નવા સુરક્ષા પગલાં અમલમાં મૂકી રહી છે. જો કોઈ ઉપયોગકર્તા વાતચીત દરમિયાન સતત હિંસા અથવા કોઈને નુકસાન પહોંચાડવા જેવી બાબતો પર કેન્દ્રિત રહે છે, તો ChatGPT તે ચેટ સેશનને આપમેળે બંધ કરી દેશે.કંપનીએ એ પણ જણાવ્યું છે કે જો કોઈ ઉપયોગકર્તા વારંવાર આ પ્રકારની હિંસક વાતોનું પુનરાવર્તન કરે છે, તો તેનું એકાઉન્ટ અસ્થાયી રીતે બંધ કરી દેવામાં આવશે.



વાર્તા વિશ્વ : વાત એક ભેદની.... 06



સપ્તરંગ: જેમની પાસે સપના છે એમની પાસે જિંદગીનું અમૃત છે 06

આ લડાઈ ક્યાં જઈને અટકશે ?

વિચાર વલોણું

જયવંત પંડ્યા

આ લેખ તમારા હાથમાં આવશે ત્યારે સવારથી દિલ્લીમાં અને એટલે દેશભરમાં ચિંતા અને તણાવનું વાતાવરણ હશે. 'પોલીસ અને લાઠિયોં સે મત ડરો' આવું આહવાન રાહુલ ગાંધીએ આજની જનસભા માટે કર્યું છે. આ લખાય છે તે દિવસે ઈન્ડિયા ગઠબંધનની બેઠક પણ થઈ છે. અને ઈન્ડિયા ગઠબંધનને, અપેક્ષા મુજબ, સીજેપીએ પણ ટેકો આપ્યો છે.

વિદ્યાર્થીઓના હેતુ માટે મેદાનમાં આવેલા સીજેપીનો મૂળ ચહેરો અને મૂળ ઉદ્દેશ્ય ખુલ્લો પડી ગયો છે. દિલ્લી ઉચ્ચ ન્યાયાલયે પણ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની યાચિકા સાંભળતી વખતે આ વાત કહી હતી. પરંતુ સામા પક્ષે ન્યાયાલયે તેમને જામીન આપવામાં જે ત્વરિતતા દેખાડી તે દરેક વ્યક્તિના કેસમાં હોય છે કે કેમ? બપોરે ૧૨.૩૦ સુધી તો બંનેની યાચિકા ઉચ્ચ ન્યાયાલયે સાંભળી હતી અને વિશેષ કાર્યકારી મેજિસ્ટ્રેટ (એસઈએમ)ના ન્યાયાલયમાં જવા કહ્યું હતું. તમે જુઓ ! એસઈએમ ન્યાયાધીશ પણ તૈયાર જ હતા. કેસ સાંભળવા અને સાંજ સુધીમાં જામીન મળી ગયા અને આદેશ રાત સુધીમાં તિહાડ જેલ પણ પહોંચી ગયો. આદેશ ન પહોંચવાના કારણે મુક્તિ ન થઈ હોવાના કિસ્સા પણ નોંધાયેલા છે.

જે રીતે મહાભારતમાં પાંડવો અને કૌરવોના યુધ્ધમાં અન્ય રાજાઓએ પણ પક્ષ નક્કી કરી લીધો, તેવું દેશમાં થઈ રહ્યું છે. દિલ્લીથી લઈને ગુજરાત સાહિત્ય પરિષદની ચૂંટણી સુધી આ દ્વંદ યુધ્ધ ખેલાઈ રહ્યું છે. મલ્લિકાર્જુન ખડગેએ જે રીતે વડા પ્રધાન મોદીજીના પિતા માટે શબ્દો વાપર્યા તેનાથી આ યુધ્ધમાં સ્તર ઓર નીચે ચાલ્યું ગયું છે. બીજી તરફ, કૉંગ્રેસ એમ કહે છે કે અગાઉ વડા પ્રધાન મોદીએ અને ભાજપે જ્યારે તેઓ વડા પ્રધાન નહોતા ત્યારે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી માટે ખરાબ શબ્દો વાપર્યા છે. આગામી દિવસોમાં સોનિયા ગાંધીનું પુસ્તક રજૂ થશે ત્યારે સ્વાભાવિક જ તેમાં તેમની અંગત જિંદગીનું આલેખન હશે. આ આલેખન લાગણીસભર બનાવવા પ્રયત્ન કરાયો હશે. જેમણે પોતાના સાસુ અને પતિને ખોયા અને સંતાનોને ઉછેર્યાં, તેમને કેવી રીતે ભાજપે નિશાન બનાવવા પ્રયાસ કર્યો તેનું સવિસ્તર વર્ણન હશે. એટલે તેના પર મીડિયામાં સોનિયા ગાંધી છવાઈ જશે. તેમના માટે સહાનુભૂતિ સર્જવા પૂરતો પ્રયાસ થશે.

બૌદ્ધિક ચર્ચા અને સંવાદો થાય તે સારી બાબત છે, પરંતુ ગત જુલાઈથી (આમ તો ડિસેમ્બર ૨૦૧૯માં સોનિયા ગાંધીએ આ જ રામલીલા મેદાનમાં જનસભામાં સીએએ વિરુધ્ધ 'અબ આરપાર કી લડાઈ હોગી'નું આહ્વાન કર્યું તે પછી શાહીનબાગનું આંદોલન થયું હતું ત્યારથી આ ચાલ્યું આવે છે) સડક પર ન્યાય તોળવા પ્રયાસ થઈ રહ્યો છે. ધર્મેન્દ્ર પ્રધાનનો ત્યાગપત્ર પડ્યો તેનાથી વાઘે લોહી ચાખ્યા જેવું થયું છે. કૃષિ કાયદા વિરોધી આંદોલનમાં પણ જ્યારે ખાલિસ્તાન સમર્થક તત્ત્વો અને અર્બન નક્સલી ભળ્યાં, ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા પર ખાલિસ્તાનનો ઝંડો ફરકાવાયો, હિંસા થઈ તે સરકાર માટે સૌથી મોટી તક હતી આ આંદોલનને સમાપ્ત કરવાનું.

રાકેશ ટિકાયત તે દિવસે રોવા પણ લાગ્યા હતા. પરંતુ તેમની ધરપકડ ન કરાઈ. જ્યારે એમ લાગતું હતું કે હવે આ આંદોલન સમાપ્ત થઈ ગયું ત્યાં અચાનક સવારે વડાપ્રધાન મોદીએ ટીવી પર આવીને કૃષિ કાયદા પાછા લેવા જાહેરાત કરીને ભવિષ્યમાં પણ આવાં આંદોલનોને ઈંધણ આપી દીધું. અહીં આંદોલનનો વિરોધ નથી. આંદોલનમાં કાશ્મીરને સ્વતંત્ર કરાવવાની વાત થાય છે, 'મનુવાદ સે આઝાદી', 'બ્રાહ્મણવાદ સે આઝાદી', 'સ્મેશ પેટ્રિયાર્કી'ના નામે માત્ર હિન્દુ ધર્મનો વિરોધ, 'બસ નામ રહેગા અલ્લાહ કા'નું ફૈઝ અહમદ ફૈઝવાળું ગીત ગવાય છે તેનો વિરોધ છે.

આંદોલનમાં ભારતના ચિકન નેકથી બે ભાગલા કરવાની શરજીલ ઈમામ વાત કરે છે તેનો વિરોધ છે. સીએએ વિરોધી આંદોલનમાં કાશ્મીરી પંડિતોના નરસંહારની તિથિએ ઉજવણી થાય છે તેનો વિરોધ છે.



અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ આવે છે ત્યારે બરાબર દિલ્લીમાં જ આઆપના કૉર્પોરેટર તાહિર હુસૈન અને નેતા અમાનતુલ્લાહ ખાનની કથિત સંડોવણી સાથે હિન્દુ વિરોધી હિંસા થાય છે, તેનો વિરોધ છે. ગત જુલાઈમાં નીટ-યુજીના 'ગેસ' પેપર લીકના મુદ્દે ભારત માતાનું રસ્તા પર ચિત્ર દોરી, તેના પર સંભોગની ચેષ્ટા થાય છે તેનો વિરોધ છે. સેના અને પોલીસ જવાનો ઉશ્કેરાય તેવું બોલવું, તેમને 'હિટ' (જંતુનાશક દવા) સાથે સરખાવવા અને તેઓ ઉશ્કેરાઈ જઈ હિંસા કરે તેવું કરવું તેનો વિરોધ છે. રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા દ્વારા પોલીસ જવાનોને કે સુરક્ષા જવાનોને બરાબર છાતીમાં વાગે તેમ ઠોંસા મારવા તેનો વિરોધ છે.

વગર પરવાનગીએ આકાશવાણી ભવનમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા ઘૂસી જાય તેનો વિરોધ છે. આનું કારણ એ નથી કે તેઓ રાજકીય પક્ષ તરીકે આવા કાર્યક્રમ ન કરી શકે પરંતુ જ્યારે ઈન્દિરા અને રાજીવ ગાંધીની હત્યા થઈ હોય ત્યારે આ બંને ઝેડ સુરક્ષાવાળાં નેતાઓની સાથે કંઈ અઘટિત ઘટના બને કે ટોળામાં કોઈ ત્રાસવાદી ઘૂસીને આકાશવાણી ભવનને કબજે કરી લે તો કેટલું મોટું નુકસાન થઈ શકે તેની કલ્પના નથી થઈ શકતી. આકાશવાણી ભવનથી સંસદ માત્ર દોઢ કિલોમીટર જ દૂર છે અને અનિયંત્રિત ટોળું સંસદ તરફ ધસી જાય અને તેમાં ત્રાસવાદી હોય તો શું થઈ શકે તેની કલ્પના કરવી અઘરી છે.

ખેડૂત આંદોલન અને નીટ-યૂજીના આંદોલનમાં લોહી ચાખી ગયેલા વાઘ જ્ઞાનેશકુમારનો શિકાર ઈચ્છે છે. આ સમયે તો ભાજપ સમર્થકો પણ જ્ઞાનેશકુમાર બાબતે સાવચેત છે, કારણકે અગાઉ બે વખત કડવા અનુભવો થઈ ચૂક્યા છે. એકદમ છેક સુધી સરકાર મક્કમ રહે અને છેલ્લે જ્ઞાનેશકુમારના ત્યાગપત્રના સમાચાર આવી પડે તો?

અગાઉ ૧૦ ઑક્ટોબરે જે કૂચ હતી તેનો તો સરકારે દાખવેલી સતર્કતાના કારણે ફિયાસ્કો થઈ ગયો. સર્વોચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંતે રાહુલ ગાંધી આણિ મંડળીને મળવાની ના પાડી દીધી, પરંતુ તેમણે શા માટે ન મળવું જોઈએ? કારણકે આ 'ચોળીને ચીકણું' તેમની જ 'કૉકરોચ'વાળી ટીપ્પણીના કારણે થયું છે. તો સૂર્યકાંતજીએ જ આ રાયતું હવે સમેટવું જોઈતું હતું.

૧૨ ઑક્ટોબરે સર્વોચ્ચના પરિસરમાં રાહુલ ગાંધી અને ઈન્ડી ગઠબંધનના નેતાઓ પિટિશન ફાઈલ કરવા કાર્યકર્તાઓનું ટોળું લઈને ગયા તેમાં અરાજકતા સર્જાઈ તે ભયાવહ હતી, કારણકે અલ્બેનિયા અને નેપાળમાં સર્વોચ્ચ ન્યાયાલયના ભવનને વિરોધીઓએ આગ લગાડી દીધી હતી. સરકારની ચુસ્ત સુરક્ષાના કારણે આવી કોઈ ઘટના તો ન બની, પરંતુ રાહુલ ગાંધી પર આરોપ લાગ્યો છે કે તેમણે ૧૧ અઠવાડિયા અને ત્રણ દિવસની એક ગર્ભવતી મહિલા પત્રકારને ધક્કો મારતાં તેને પેટમાં, ચહેરા પર, ખભા અને ગળામાં ગંભીર ઈજા પહોંચી હતી.

પરંતુ આવા બધા પ્રશ્નો જ્યારે ન્યાયાલયમાં પહોંચે છે ત્યારે રાફેલ કેસ, 'બધા મોદી ચોર કેમ છે?', અમિત શાહ વિરોધી ટીપ્પણી જેવા અનેક કેસમાં ન્યાયાલય રાહુલ ગાંધીની તરફેણમાં દેખીતી રીતે આવી જાય છે અને એટલે જ રાહુલ ગાંધી અને ખડગે સહિતના કૉંગ્રેસ નેતાઓ બોલવામાં દિવસે ને દિવસે વધુ ને વધુ મર્યાદા ચૂકી રહ્યા છે.

પ્રશ્ન એ પણ છે કે ઘણી વાર સંસદના સત્રના બરાબર પહેલાં રાહુલ ગાંધી વિદેશ કેમ જાય છે? તે પણ ઝેડ સુરક્ષા વગર. ઝેડ સુરક્ષાની વાત સંઘ વિચારક એસ. ગુરુમૂર્તિએ એએનઆઈને આપેલા ઈન્ટરવ્યૂમાં કહી છે કે સોનિયા અને રાહુલ ઈટાલી જતા હતા તો ઈટાલીની સુરક્ષા લેતા હતા, તો શું તેમને ભારતીય જવાનો પર વિશ્વાસ નહોતો? ૨૦૧૫ના બજેટ સત્ર પહેલાં રાહુલ ગાંધી થાઈલેન્ડ ગયા હતા, ડિસેમ્બર ૨૦૧૯માં ઝારખંડની ચૂંટણી અધૂરી મૂકીને તેઓ દક્ષિણ કોરિયા ચાલ્યા ગયા હતા. અને તાજેતરમાં તેઓ વિયેતનામ જઈ આવ્યા.

ભાજપ સમર્થકો પ્રશ્ન પૂછે છે કે વિદેશ જઈને રાહુલ ગાંધી 'ડીપ સ્ટેટ'નું માર્ગદર્શન મેળવી આવે છે કે શું? દર સંસદના સત્ર પહેલાં વિદેશી અને દેશી માધ્યમ કોઈ એવો ધડાકો કરે છે જેના કારણે સંસદમાં હોબાળો તો મચે છે પરંતુ બાદમાં તેનું સૂરસૂરિયું થઈ જાય છે. દા. ત. રાફેલ, અદાણી-હિંડનબર્ગ રિસર્ચ.

અદાણીની વાત નીકળી છે તો મોદી અને ભાજપ પર અદાણી-અંબાણીની તરફેણ કરવાનો આક્ષેપ કરતા રાહુલ ગાંધી, વડાપ્રધાન મોદીએ, ૨૦૨૪ની ચૂંટણી સભામાં કહ્યા પ્રમાણે, આ બંને ઉદ્યોગપતિઓ વિશે મૌન છે. ઉલટું, રાહુલ ગાંધીએ પોતે ઉદ્યોગપતિની સાર્વજનિક તરફેણ કરવા લાગી છે. તેમનો આક્ષેપ છે કે મોદી સરકાર ટાટા ઉદ્યોગગૃહનો નાશ કરી રહી છે. જો ૨૦૧૦ આસપાસ ટાટા માટે કામ કરતાં લૉબિઈસ્ટ નીરા રાડિયા અને એનડીટીવીનાં તત્સમયનાં બરખા દત્તની વાતચીતને સાચી માનીએ તો સોનિયા-રાહુલની એ સરકારમાં કોણ ટેલિકોમ પ્રધાન બનશે તે આ લોકો નક્કી કરતા હતા.

વિરોધાભાસ એ વાતે છે કે જ્યારે નેનો કાર માટે ટાટાને સાણંદ પાસે તત્કાલીન મુખ્ય પ્રધાન મોદીએ જમીન આપી હતી ત્યારે આ જ રાહુલ ગાંધી અને આ જ કૉંગ્રેસ ટાટાની વધુ પડતી તરફેણ કરી હોવાનો આક્ષેપ કરતા હતા !

એટલે મહાભારતના યુદ્ધની જેમ ઉદ્યોગપતિઓની પણ છાવણી ગોઠવાતી હોય તેવું લાગી રહ્યું છે. પરંતુ પ્રશ્ન એ છે કે આ લડાઈ ક્યાં જઈને અટકશે? જે રીતનો મિજાજ રાહુલ ગાંધી બતાવી રહ્યા છે અને જે અણધારી રીતભાતો તેઓ અપનાવી રહ્યા છે (દા. ત. સીજેપીના આંદોલન વખતે, કૉંગ્રેસ પણ કંઈ સીજેપી કરતાં ઉતરતી નથી તેવું બતાવવા વડા પ્રધાનના નિવાસ બહાર ધરણા લાંબો સમય સુધી કરવા, ૬ ઑક્ટોબરે આકાશવાણી ભવનમાં ઘૂસવું, ૧૨ ઑક્ટોબરે અરાજક રીતે સર્વોચ્ચ ન્યાયાલય પરિસરમાં ઘૂસવું) તે જોતાં ૧ નવેમ્બરે અને તે પછી સંસદનું શિયાળુ સત્ર મળશે ત્યારે તેમાં શું અણધાર્યું કરશે તે કહી શકાય તેમ નથી. અણધાર્યા કરતાંય જોખમી અને અમાન્ય કહી શકાય, દેશની સુરક્ષા સાથે ચેડા કહી શકાય તેવું તેઓ કરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ ૧૫ જાન્યુઆરી ૨૦૨૫એ જાહેર કરી દીધું હતું કે તેમની લડાઈ ભારત (ઈન્ડિયન સ્ટેટ) સામે છે. ચૂંટણી પંચના કમિશનરો, જજો, સીબીઆઈની કૉંગ્રેસ શાસનમાં કેવી સ્થિતિ હતી તે સર્વવિદિત છે. જે પ્રતિકૂળ હતા તેમને કોરાણે મૂકી દેવાયા હતા. અને જે અનુકૂળ થયા તેમને રાજ્યપાલથી માંડીને કેન્દ્રીય પ્રધાન બનાવાયા હતા. તેમના એક નેતા તેમજ અધિવક્તાની સેક્સ સીડીમાં મહિલા વકીલને ન્યાયાધીશ બનાવવાની વાત બહાર આવી હતી. હવે રાહુલ ગાંધી એવી વાત કરી રહ્યા છે કે દેશમાં બધી જ બંધારણીય સંસ્થાઓ પર સંઘનું આધિપત્ય છે. મજાની વાત એ છે કે સંઘ અને સંઘ સૃષ્ટિની સંસ્થાઓએ આ આખી લડાઈ ભાજપના ખભે છોડી દીધી છે. સંઘના વિજયાદશમીના કાર્યક્રમમાં, છેલ્લે મોદી સરકાર સામે પડેલા પૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને આમંત્રણ આપવું, તેને વિરોધીઓ સંઘ અને ભાજપ વચ્ચેની લડાઈ તરીકે જુએ છે કારણકે ધનખડ ત્યાગપત્ર પછી જાહેરમાં દેખાયા નથી.

છેલ્લે વિહિપે ૨૦૧૮ આસપાસ શ્રી રામમંદિર માટે સંમેલનો કર્યા હતા. તે પછી સીએએ, ખેડૂતોના આંદોલન, વક્ફ બૉર્ડ ઈત્યાદિ અનેક બાબતે ભાજપ અને વિશેષ તો મોદી એકલા લડી રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સડક પરની આ લડાઈ શું સર્બિયા, નેપાળ, હંગેરી કે પછી નેહા બોરા જેવાં ડાબેરીઓ જેમાંથી પ્રેરણા લે છે તે બાંગ્લાદેશમાં હિંસક પ્રદર્શન પછી સત્તા પલટો તો થયો, પરંતુ શું સ્થિતિ બદલી શકાઈ છે?

અભિજીત દીપકે, ડાબેરી અભિનેતા પ્રકાશ રાજ, નેહા બોરા ઈત્યાદિ સાથેની પત્રકાર પરિષદમાં પૂર્વ આઆપ નેતા અને કાશ્મીરમાં લોકમતની પાકિસ્તાનને ગમે તેવી વાત ભૂતકાળમાં કરનારા પ્રશાંત ભૂષણે તો સ્પષ્ટ સ્વીકાર્યું છે કે આ લડાઈ 'રિજિમ ચેન્જ' (મોદી સરકારને ઉખાડી ફેંકવા)ની છે. જોકે આંદોલનજીવી યોગેન્દ્ર યાદવે પીછેહટ કરતા કહ્યું છે કે મોદીનો ત્યાગપત્ર અમારો ઉદ્દેશ્ય નથી.

અહીં એ નોંધવું જોઈએ કે Regimeનો અર્થ ન્યાયી રીતે ન ચૂંટાયેલી સરકાર થાય છે. શું મોદી સરકાર ન્યાયી રીતે ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪માં ચૂંટાયેલી નથી? વળી, આ શબ્દ બધા મીડિયાએ અને ઈવન, જમણેરીઓએ પણ સામો તર્ક કર્યા વગર અપનાવી લીધો છે તે પણ નવાઈરૂપ છે.

દરમિયાનમાં, સીજેપીના આંદોલન બાદ રાજસ્થાન, ગુજરાતમાં થયેલી સ્થાનિક ચૂંટણી, વિધાન પરિષદની તાજેતરમાં થયેલી ચૂંટણી, આસામમાં થયેલી સ્થાનિક ચૂંટણીમાં ઈવીએમ નહીં, પરંતુ મતપત્રકો દ્વારા થયેલી ચૂંટણીમાં ભાજપને ભવ્ય સફળતા મળી છે તો તેની રચના પહેલાં બનેલા તેના માતૃ સંગઠન – અભાવિપને ડાબેરીઓના ગઢ દિલ્હી વિશ્વ વિદ્યાલય અને કેરળના સરકારી સંસ્કૃત મહાવિદ્યાલયમાં સફળતા મળી છે, તે પછી હવે રાહુલ ગાંધી ઈવીએમનું રોદણું રોઈ શકે તેમ નથી. ન્યાયાલયમાં ત્રણ ચૂંટણી કમિશનરોએ કહ્યું છે કે મતદાર યાદી સમીક્ષા (સર) બાબતે તેમની સંમતિ હતી તે પછી ચૂંટણી કમિશનર અંગે પણ રાહુલ ગાંધીના આક્ષેપોમાં કોઈ ભલી વાર રહેતી નથી. આમ છતાં, સડક પર તેઓ લડાઈ ચાલુ રાખશે અને સંસદમાં ઉત્પાત મચાવશે, પરંતુ તેનાથી નુકસાન તો દેશના વેપારીઓને, નોકરિયાતો અને ભણવા મુસાફરી કરતા વિદ્યાર્થીઓ તેમજ કૉંગ્રેસની છબિ –જ જવાનું છે. ■

jaywant.pandya@gmail.com

પતિ હંમેશા પત્ની પર ગુસ્સો કેમ કરતો હોય છે ?

હાસ્યાય નમઃ

ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)કંઈ પોસ્ટ ઉપર બેસવા માટે ભણતરની જરા પણ જરૂર નથી પડતી?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

ઘણી બધી છે.પણ એ પોસ્ટ સુધી પહોંચવા માટે ભણતરની જરૂર પડે છે એટલે ભણવાનું ચાલુ રાખો.

(૨)ટીપણું તો અનાજ ભરવા માટે હોય પણ બ્રાહ્મણ તો ટીપણામાં જોઈને કેવી રીતે મૂહુર્ત જોઈ દેતા હોય છે?

હરિભાઈ ધોરાજિયા (લીલીયા મોટા)

ઈ જ ખૂબી છેને!

(૩)પતિ હંમેશા પત્ની પર ગુસ્સો કેમ કરતો હોય છે?

બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)

અમારે આ બાજુ એનાથી ઊંધું થાય છે!

(૪)પેપર કદી ફૂટતું નથી છતાં પેપર કેવી રીતે ફૂટે છે?

યોગેશભાઈ આર જોશી (હાલોલ જિ.પંચમહાલ)

ભવિષ્યમાં આ ક્ષેત્રમાં ઝંપલાવવાની ઈચ્છા છે કે શું?!

(૫) સોરી કોને કહેવાય?

મિતેશ સરવૈયા (ગળકોટડી)

અંગ્રેજી આવડતું હોય એને.

(૬) ટીપે ટીપે સરોવર ન ભરાય તો શું કરવું?

જય દવે (ભાવનગર)

ટીપડે ટીપડે ભરવા માંડો.

(૭) મારા પુત્રનું નામ ચતુર છે. એનો પ્રશ્ન છે કે તુરિયા અને ઘિસોડા વચ્ચે શું તફાવત?

રામભાઈ પટેલ (સુરત)

એને કયો કે બન્ને એક જ છે ચતુરિયા!

(૮) દવે સાહેબ તમે વેદ છો તો પણ તમે દવા કેમ આપતા નથી?

હનીફભાઈ ચોટલિયા (બાબરા)

આ તમે નવું લાવ્યા. કોઈક એમ પૂછતું હતું કે તમે પ્રકાશ છો તો દીવા કેમ નથી પ્રગટાવતા?! મારે કોનું માનવું?

(૯) મારો બુધ્ધિઆંક કેટલો હશે?

રમાબેન પટેલ (અમદાવાદ)

સાવ માઈનસમાં તો નહી હોય એવું લાગે છે.

(૧૦) લગ્ન પછી પતિનાં કાન કેમ તેજ થઈ જાય છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

કારણ કે જીભ નિસ્તેજ થઈ જાય છે.

(૧૧) સાહેબ..! જિંદગીમાં કાંઈ નવીન કરવું હોય તો શું કરવું?

ધોરાજીયા ચંદ્રકાંત એન. (સાજણટીંબા)

આંગણવાડીમાં ભણવા બેસી જાઓ.

(૧૨) સાહેબ..! દિવાળી પછી માણસ નિષ્ક્રિય કેમ થઈ જાય છે?

ધોરાજીયા કેવિન એન.(સાજણટીંબા હાલ કેનેડા)

કાં ફૂટી ગયા હોય કાં સુરસુરિયા થઈ ગયા હોય એટલે.

(૧૩) વાંચતા આવડે પણ લખતાં ના આવડે તો શું કરવું ?

રાજુ એન. જોષી, ધરાઈ (બાલમુકુંદ)

મોબાઈલ સામે રાખી જોરથી વાંચો એટલે લખાતું જશે.

(૧૪) દિવાળી પર સુરતીલાલાઓ વતનમાં આવે ત્યારે સૌરાષ્ટ્રના શહેરોમાં લીલૂડા માંડવાની સંખ્યા કેમ વધી જાય છે?

કનુભાઈ પરમાર (દામનગર)

તમારે દિવાળી પર સુરત બાજુ જતા રહેવું..!

(૧૫) ગધેડે ગામ ગાંડુ કર્યુ આ કહેવત કોણે બહાર પાડી છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

કોઈ જાણકાર ગધેડાંને પૂછો. ■

નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..

નેતાઓની જબાન :- તસવ્વુરમેં કંગાલિયત કા દૌર

રાજકીય રસધાર

પ્રવીણ માધાણી

સ્વતંત્રતા પછી થોડા મહિના તુર્ત બાદ જ આઝાદ ભારતના આર્ષદ્રષ્ટા અને યુગપુરુષ ગાંધીજીની હત્યા થઈ, ત્યારે સદીનું મહાનિર્વાસન થઈ રહ્યું હતું. સદીઓથી એક જમીન પર સાથે રહેલી બે કોમ પોતપોતાની જમીન અલગ માગીને હૃદય, મન, મગજ અને લોહીની નસોમાં એકબીજા પ્રત્યે ભારોભાર નફરત ભરીને અલગ થઈ રહી હતી. હિન્દુસ્તાનના ઈતિહાસે કદી ના જોયેલો માનવસંહાર થયો હતો. ભારતની નદીઓનું પાણી લાલ થયું હતું. એવા સમયે ગાંધીજીની હત્યા એક એવી દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી જે આ પરિસ્થિતિને એવા વળાંક ઉપર લઈ જઈ શકતી હતી કે જ્યાંથી ઈતિહાસ બેઉ કોમમાંથી કોઈને ક્યારેય માફ ના કરત. કારણકે ગાંધી ત્યારે ઈશ્વરની કક્ષાએ હતા અને કોઈપણ પ્રજા ઈશ્વરનો વધ ક્યારેય માફ ના કરે. પણ હત્યા બાદ એક ચોળાયેલ બંડી પહેરેલ, શોકમગ્ન ચહેરે ગાંધીજીની હત્યાથી હતપ્રભ વ્યકિત બાપુના પાર્થિવદેહ પાસેથી ઉઠીને ઉશ્કેરાયેલી જનતાની વચ્ચે નિર્ભીકપણે બહાર આવી અને વેદનાથી છલોછલ સ્વરે કહ્યું ...;આપણા જીવનમાંથી પ્રકાશ ચાલ્યો ગયો છે.. ,શબ્દોએ પ્રજાની ધ્રુણાને પીગળાવી નાખી અને આ શબ્દો તવારીખમાં અમર બની ગયા. એ વ્યકિત હતી આઝાદ ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ. આજે એ નહેરુના વારસા સમી કોંગ્રેસના અધ્યક્ષ દ્વારા વડાપ્રધાનને સંબોધીને કરેલ શબ્દોનું ઉચ્ચારણ સાંભળીને નહેરુની યાદ આવી જાય છે. ૧૮૬૩ની ૧૯મી નવેમ્બરે અમેરિકન આંતરવિગ્રહ દરમિયાન લિંકને ગ્રેટીસબર્ગમાં એક ટૂંકું ભાષણ આપ્યું હતું, લગભગ બે મીનીટનું, સત્યાશી વર્ષ પૂર્વે આપણા રાષ્ટ્ર વિધેયકોએ આ ખંડ પર એક નવું રાષ્ટ્ર નિર્માણ કર્યું. જેનું ધ્યેય સ્વતંત્રતા હતું. અને ઈશ્વરે સૌને સમાન સરજ્યા છે એ સિધ્ધાંતને વરેલું હતું..... આજે આપણે અહી જે બોલીએ તેની દુનિયા ભાગ્યે જ નોંધ લેશે કે ઝાઝો સમય યાદ રાખશે.....; અમેરિકા ઉભું થયું અને આંતરવિગ્રહ જીત્યો. આજે એ દેશ અમેરિકાના પ્રમુખના એક નોબલ ઈનામ માટે ભીખ માંગતા રહેવાના નિવેદનો સાંભળીને પણ નિરાશા થઈ છે. ૧૮ જુન ૧૯૪૦ના રોજ બીજા વિશ્વયુધ્ધ દરમિયાન ચર્ચીલે હાઉસ ઓફ કોમન્સમાં કહ્યુ.આપણે દરિયા અને મહાસાગર પર લડશું અને આપણા દેશને કોઈ પણ કીમતે બચાવશું. આપણે દરિયાકાંઠે અને મેદાનોમાં, ખેતરો અને શેરીઓમાં અને પર્વતો પર લડશું. આપણે ક્યારેય શરણાગતિ નહિ સ્વીકારીએ. ઈંગ્લેન્ડ લડ્યું અને વિજેતા બન્યું. રાજકીય ઈતિહાસના ઉપરના માત્ર દ્રષ્ટાંતો છે. વિશ્વના ઘણા નેતાઓએ પ્રસંગોપાત કે કોઈ ખાસ સંદર્ભે ઉચ્ચારેલા ચંદ શબ્દોએ જાદુઈ અસર અને અકલ્પનીય પરિણામો અને ફેરફારો આણ્યા છે, અને શબ્દો અને નેતા બેઉ રાજકીય ઈતિહાસમાં અમર બની ગયા છે. આજે પણ આપણે મહાત્મા ગાંધી, વિન્સ્ટન ચર્ચિલ, એબ્રહામ લિંકન, માર્ટીન લ્યુથર કિંગ વિ... યાદી ખૂબ લાંબી થાય એમ છે, જેવા મહાપુરુષોના કથનો વાંચીએ છીએ, યાદ કરીએ છીએ, ટાંકીએ છીએ, પ્રેરણા લઈએ છીએ. આ બધા મહાપુરુષો સફળ રાજકીય લીડરો હોવાની સાથે સાથે શબ્દોના સ્વામી હતા. એમનો અભ્યાસ અને વાંચન ઉત્તમ કોટિનું હતું. જાહેરજીવનમાં નેતૃત્વએ પોતાના વકતૃત્વ દ્વારા ઘણી વખત પ્રજાને દોરવણી આપવાની થાય છે. મુશ્કેલીના કાળમાં નેતાએ શબ્દોની હૈયાધારણ દ્વારા પ્રજામાં હામ ભરવાની હોય છે. સૂતેલી પ્રજાને જગાડીને રાષ્ટ્રના કોઈ મહાન ઉદ્દેશ માટે બેઠી કરવાની હોય છે કાં તો કપરાકાળમાં વાક્યોના મલમથી પ્રજાના ઘાવ પર લેપ કરવાનો થાય છે. આ એવો સમય હોય છે જયારે પ્રજા કોઈ હીરોની રાહ જોઈને બેઠી હોય છે. પ્રજા નેતાની સામે ટકટકી લગાવીને બેઠી હોય છે અને એવું બને છે કે શબ્દોથી દેશ બેઠો થાય છે અને વર્ષો જૂની બેડીઓ તૂટે છે, અંધારાના અને અન્યાયના કાલખંડ પાર કરીને પ્રજા સ્વાતંત્ર અને મુક્તિના સૂર્યોદય પામે છે. વિશ્વનો ઈતિહાસ આવા મહાન ઉદ્દબોધનોથી ભરેલ પડ્યો છે. આ બધાએ સરસ્વતીની સાધના થકી ઈન્દ્રાસન માગીને પોતાના રાષ્ટ્રને એ સમયે રાજકીય ઉંચાઈઓ બક્ષી હતી.

આજે કોઈ મુદ્દાને લઈને પોડિયમ પર કે પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કે રજૂઆત આપવા ઉભા થયેલા નેતાની જીભ કુંભકર્ણની જીભે બેઠેલ માં સરસ્વતીનીના પ્રસંગની પ્રતીતિ કરાવે છે અને નેતાઓ વારેવારે નિંદ્રાસન માંગતા નજરે પડે છે. આચરણમાં કર્મ થકી અને વાણીમાં શબ્દો થકી આજના ઘણા નેતાઓનું ઉપાર્જન શૂન્ય છે. બોલવા ઉભા થાય એટલે તુરંત અંદેશો આવવા લાગે કે હમણાં બાફશે. જેના બોલવાથી રુંવાડા ઉભા થઈ જાય એવું રાજકીય ચારિત્ર્ય નજરે નથી પડતું. ન કરવાનું ખાનગીમાં અને ન બોલવાનું જાહેરમાં બોલે છે. વાત રાખતા જયારે નેતાના શબ્દો ટૂંકા પડે છે ત્યારે ગાલીગલોચ પર ઉતરી જાય છે. લાગે છે કે નેતાનો વેતો ટૂંકો પડે છે. ટેલીવિઝન પર નેતાઓને બોલતા કે ડીબેટમાં ચર્ચા કરતા સાંભળીને આંગળી આપોઆપ રિમોટના ચેનલ બટન તરફ નેતાની જીભની જેમ લપસી જાય છે. ઘણી વખત યોગ્ય શબ્દાર્પણના અભાવે ઈસ્યુ સમજાવી શકાતા નથી કે વિરોધીઓને સંમત કરી શકાતા નથી. વૈવિધ્યસભર મુદ્દાઓ પર, જનતાના વિવિધ વર્ગોની સામે મુદ્દા આધારિત તર્કબધ્ધ બોલવા માટે પુષ્કળ શબ્દભંડોળ પૂર્વશરત છે. જે તે મુદ્દા પર પોતાની તર્કબુધ્ધી અને પોતાના શબ્દભંડોળનું સંયોજ્ય સાધીને સમયસંજોગની કમાન પરથી છોડેલા શબ્દોના તીર યોગ્ય જગ્યાએ લાગે છે અસર આપે છે. અહી વાકચાતુર્ય અને મુદ્દા આધારિત તર્કબધ્ધ વાત કરવાની વચ્ચેની ભેદરેખા પારખવી જરૂરી છે. ગોળગોળ વાત કરીને ધરાર મુદ્દા પર પોતાનો મત (જો બંધાયો હોય તો) પ્રગટ નહિ કરીને પ્રજા કે કેમેરા સામેથી લુચ્ચું સ્મિત કરીને છટકી જવું અને નિર્ભયપણે જનતા સમક્ષ કે કેમેરા સમક્ષ આવીને જવાબદારી પૂર્વક સત્યનો સામનો કરવો અલગ બાબત છે. આપણે ત્યાં હજુ લોકોમાં લોકસભા, રાજ્યસભા કે અન્ય ધારાગૃહોની કાર્યવાહીનું જીવંત પ્રસારણ જોવાનો ટ્રેન્ડ નથી, નહીતર પોતાના મુદ્દાઓને અત્યંત પાંગળી ભાષામાં ઉઠાવતા પોતાના નેતાઓ વિશેનો ભ્રમ વહેલો ઉતરી જાય એવી પરિસ્થિતિ છે. અને કદાચ બોરિંગ ભાષણો હોવાથી જ આ ટ્રેન્ડ નથી બંધાતો. જેમ શાયરીમે તસવ્વુંર કી કંગાલિયત કા દૌર હોય છે એમ રાજનીતિમાં શબ્દસ્વામીઓના દુષ્કાળનો કાળ કહી શકાય. દુધભાષામાં ફાંફા પડે છે, રાષ્ટ્રભાષાની શી અપેક્ષા રાખવી.

ક્વિક નોટ - '' શબ્દ કે મારે મર ગયે, જેણે શબ્દે છોડ્યા રાજ, જેણે જેણે શબ્દ વિચારીયા તા.કા સરિયા કાજ'' ■

production@infiniumpharmachem.com

વાત એક ભેદની....



સૂર્ય બરાબર માથાં ઉપર આવ્યો હતો. અગિયારેક વાગ્યા હશે . એવે ટાણે પીથલપર જેવડા સાવ એકાકી રેલવે સ્ટેશનમાં મુંબઈથી આવતી લોકલ ટ્રેન કિચુડ કિચુડ કરતી ' ઊભી રહી. ઝાંખા પાંખા ઝાડવા જેવા રેલવે સ્ટેશનને રોમાંચ અને એક આછા ડરથી તાકતો દિનકર હાથમાં એટેચી લઈને નીચે ઉતર્યો. આજે આઠ આઠ વર્ષ પછી માતૃભૂમિના સંસ્પર્શથી એણે મીઠી ઝણઝણાટી અનુભવી. રોમાંચ થયો અને હૈયાને એ રોમાંચનો ધક્કો પણ લાગ્યો. ત્યાં જ વ્હીસલ વાગી.

દિનકર, ચાલી જતી ટ્રેનને તાકી રહ્યો. પોતે પણ એક દિવસ આ જ ટ્રેનમાં બેસીને મુંબઈ ચાલ્યો ગયો હતો. કોઈને કહ્યા વગર! આજે આઠ આઠ વરસે પોતે પીથલપુર આવ્યો હતો.

તેણે પીથલપુર છોડ્યું નહોતુ;. પણ છોડી દેવું પડ્યું હતું. રખડતો ભટકતો આથડતો તે મુંબઈ પહોંચી ગયો હતો અને મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશને આખી રાત પડ્યો રહ્યો હતો. એ પછી એણે છાપામાં વાંચ્યું હતું મા-બાપે છાપામાં છપાવ્યું હતું : 'ભાઈ દિનકર, તું જ્યાં હોય ત્યાંથી ઘરે આવી જા. તને કોઇ કશું કહેશે નહીં. તું શા માટે ઘર છોડી ચાલ્યો ગયો? અમે તો તને કશું જ કહ્યું જ નથી. દિનકર, તારી બા આખો દિવસ રડ્યા જ કરે છે. બબલીએ તો ત્રણ ત્રણ દિવસથી ખાધું નથી. નાનકાને ખબર પડી છે કે ભાઇ તો ગાડીમાં બેસીને ભાગી ગયો છે ત્યારનો રેલ્વે સ્ટેશનના બાકડા ઉપર જ સૂતો રહે છે. એ તો કહે છે કે ભાઇ આજ આવશે, કાલ આવશે. તું આવી જા ભાઇ, ઘરે બધા ચિંતા કરે છે...''

દિનકર આ જાહેરાત વાંચીને છાને ખૂણે રડી લેતો. હૈયું તો નિસાસા નાખતું અને ચરણ તો સૌરાષ્ટ્ર તરફ જતી ગાડીઓ ભણી દોડી જતા. પણ દિનકર પાછો પડતો. તેને ગવરીના બાપ એભલ મુખીની લાલચોળ આંખો, બાપુની ધાક, અને મનમાં પ્રવેશી ગયેલો ડર મજબૂર કરી દેતા...

તેને થયું કે જ્યાં સુધી ગવરી વાળી વાતની ઘરે ખબર નથી પડી ત્યાં સુધી જ સારું છે. જ્યારે ખબર પડશે ત્યારે શું વીતશે? નજર સામે હોત તો બાપુ મને ન કહેવાના વેણ કહી દે. અને ગામ? મારા પર થૂંકેત અને ગવરી નો બાપ, ગવરીનો બાપ તો મને ભડાકે દેત...! અને તે ભાગ્યો...

જુવાનીના તાતા વહેણમાં એભલ મુખીની ગવરી હાર્યે આંખ મળી ગઇ. એક દિ' વૈશાખનો ખરો બપોર ચડી ગયો હતો. પોલીસની ભરતીમાં પોતાને જવાનું હતું ને પોતે કસરત કરવા ગામના ખુલ્લા મેદાનમાં દોડવા જાતો. ઊંચા કૂદકા, લાંબા કૂદકા વગેરે જુદી જુદી કસરતો કરતો.

બરાબર તે દિવસે થાકીને તે ગવરીની વાડીએ નહાવા-ધોવા ગયો. તો વાડીએ એકલી ગવરી જ હતી. એની અને દિનકરની આંખ્ય મળી. એક તો આ ભર્યું એકાંત , લીલું આંબાવાડિયું અને ગવરીની ફાટ ફાટ જુવાની પાણીની કુંડીમાંથી છલકાઈ રહી હતી.અને એ દ્રશ્ય જોઈને પોતાની જુવાની આળસ મરડીને બેઠી થઈ ગઇ હતી.. એ ગવરીને નહાતી જોઈને પારૂઠ ફરી ગયો પણ હવે ગવરીએ. તેને જોઈ લીધો હતો.એણે સાદ પાડ્યો.''એ ય દિનુ....પાછો કા વળ્યો? અરે,આવ..આવ..ન્હાવા જ આવ્યો છો ને? જો,મેં નહાઈ જ લીધું છે!''

અને પોતે દબાતે પગલે પાછો વળ્યો અને એ જ ક્ષણે ગવરી કુંડીમાંથી બહાર નીકળી. ગવરી નું લંબઝુંબ જોબન જોઈને દિનુ તેને જોતો જ રહી ગયો. ગવરી તેની સામે મારકણી આંખે તાકતી ,નીચલો હોઠ દાંતમાં દબાવતી ભીને લૂગડે ઓરડીમાં જતી રહી. પણ ચાર નજર મળી અને હૈયું થડક થડક થઈ ગયું બેય નું!! અને પછી તો બે-ત્રણ વાર લક્ષ્મણરેખા ઓળંગાઈ ગઇ હતી. દિનકરને થયું આ ખોટું થઇ રહ્યું છે... મારા બાપની હાથવેંતની આબરૂ ધૂળધાણી થઇ ગઈ. અને એક દિ' ગવરી મળી. ને ગવરી એ કહી દીધું : 'દિનિયા હું તારા બાળકની મા-' દિનકરના પગ તળેથી ધરતી ખસી ગઇ હતી. તે મુંઝાઇ ગયો. કોઇ દિશા સુઝતી નહોતી. ગવરીને એણે કહ્યું : 'ગવરી, ભારે કરી...' 'એમાં શું દિનુ, મારા બાપુ આજે તારા બાપુને વાત કરશે અને પછી આપણા લગન-' કહી, ગવરી હસી પડી હતી.

આખી રાત એણે અજંપામાં કાઢી, અને એણે એક નિર્ણય લઇ લીધો. વહેલી સવારે ચાર વાગ્યામાં ઘર, ગામ, મા, બાપ, નાનો ભાઇ, બહેન બધું જ છોડીને ખાલી હાથે મુંબઈ તરફ ચાલી નીકળ્યો. એક દોઢ વરસ આમતેમ ફૂટાયો. એક દિ' કાંતિલાલ કરીને કચ્છી વાણિયાનો નબીરો ભટકાઇ ગયો. દિનકરમાં તેણે હીર જોયું. તેજ જોયું ને પાંખ આપી. બે વરસમાં તો દિનકરે કાંતિલાલને 'લોખંડ બજારનો કિંગ' બનાવી દીધો. દિનકરની કાયા માથે હવે જુવાનીએ ધામા નાખ્યા હતા. એક તો ગામડાની હવા ખાઈને પુષ્ટ થયેલું શરીર એમાં પાછી મુંબઈ નગરીની હવા મળી. દિનકર આકર્ષક લાગતો હતો.

દિનકરને હજી પણ ગવરી સાંભરતી હતી. તેને થતું હતું કે તેને છોડીને હું ભાગ્યો છું. એ જાણીને ગવરીનું શું થયું હશે ? એણે શું ધારી લીધું હશે ? બદદુઆ આપી હશે એણે ને નક્કી ફિટકાર વરસાવ્યો હશે... જે બાળકને જન્મ આપ્યો હશે એ બાળકનો હું કાયદેસરનો પિતા બનીશ અને એને અહીં લઇ આવીશ. અને કાંતિલાલ આગળ એણે એક દિ' મુખ ખોલ્યું હતું. કાંતિલાલે કહ્યું હતું કે એક ભવમાં બે ભવ નથી કરવા દિનુ ! તું હવે એને કાયદેસર પત્નીનો દરજ્જો આપીને અહીં લઇ આવ... તારું પતિ તરીકેનું અને એ બાળકના પિતા તરીકેનું ખરું કર્તૃત્વ છે. અને એ, પીથલપુર આવ્યો હતો.

ગામથી દોઢ કિ.મી દૂર રેલ્વે સ્ટેશન હતું... ક્યારે ગામની ભાગોળ આવી ગઇ એ પણ ખબર ન રહી. અત્યાર સુધીની જિંદગીની પટ્ટી તેની આંખ આગળથી પસાર થતી રહી. અચાનક તે અટક્યો, સામેથી લાલભાઇ માસ્તર આવ્યા હતા. એ ઊભો રહી ગયો. લાલભાઇ નજીક આવ્યા અને આંખ્યેથી નેજવું કરીને પૂછ્યું : 'કોણ દિનુ તો નહીં બેટા ?'

'હા સાહેબ, હું દિનુ..' દિનકર પગે પડ્યો.

'સુખી રહે બેટા... ' કહી, ઊભો કર્યો : 'આટલાં વરસ ક્યાં હતો બેટા ?'

'મુંબઈ...' 'સારું કર્યું આવી ગયો. હું તારા બાપુજીની ખબર કાઢવા જ ગયો હતો. તારું જ રટણ એમના મોઢામાં હતું.

'કાં ? બાપુજી ને શું થયું છે ?' દિનકરના ચહેરા પર ચિંતાની કરચલીઓ પડી ગઇ.

'અવસ્થા બેટા ! તું ઘર છોડીને ચાલ્યો ગયો ને ત્યારપછી તો સાવ ભાંગી પડ્યા છે. જા તું જા. જલ્દી પહોંચ...'

દિનકર લગભગ દોડ્યો. ઘરે પહોંચ્યો. સૌથી પહેલાં બાવલીને જોઈ. યુવાન થઈ ગઇ હતી. દિનકરને જોયો ને ઓળખી ગઈ. તે હર્ષથી ચીસ પાડી ઊઠી : 'બાપુજી, ભઈલો આવ્યો.'

'ભઈલો' નામ કાને પડતાં જ જદુરાય પથારીમાં અડધા ઊભા થઈ જતા બોલી ઉઠ્યા, 'કોણ દિનુ આવ્યો ?'

'હા બાપુજી... હું આવી ગયો છું.' દિનકરે બેગ નીચે મૂકીને પિતાના ચરણે માથું ટેકવી દીધું... ને બાપની આંખના પાણી છેક ગળા સુધી રેલાઇ ગયા. 'તું ક્યાં ચાલ્યો ગયો હતો દીકરા ?'

'એ બધું પછી. તમને કેમ છે બાપુજી ?' દિનકરે કહ્યું.

'બસ, હવે બધા જ રોગ ધોવાઈ ગયા. તું આવી ગયો ને ?' કહેતાં જદુરાયે તેની હથેળીઓ ચૂમી લીધી... સાંજ પડતાં સુધીમાં તો આખા પીથલપુરમાં વાયુવેગે વાત ફેલાય ગઇ. માણસો દિનકરને જોવા આવ્યા. હજી કાલ સુધી તો નાકના શેડા લૂછવાનીય તમા નહોતી એવા દિનિયાના હવેના રૂઆબદાર વ્યક્તિત્વના માલિક એવા દિનકરને જોઇ બધા અચંબો પામતા હતા. સાંજ સુધીમાં તો લગભગ અડધું પોણું ગામ આવી ગયું હતું, એને જોવા. નાના-મોટા, ગયઢા-બુઢ્ઢા-સ્ત્રીઓ, બાળકો, યુવાનો...! પણ આટલામાંથી કોઇએ એને ગવરી વિષે એક હરફ પણ ઉચાર્યો નહોતો...

તેને થતું હતું કે જઈશ એટલે બાપુજી મને ન કહેવાના વેણ કહેશે. ગામના મોટિયાર આવીને મારી બાપદાદાની આબરૂ ઉપર આંગળી ચીંધશે અને, એભલ મુખી તો જેવો આવીશ એવો જ બેનાળી લઇને આવશે, અને...

જો કે તેણે બધી જ તૈયારી કરી રાખી હતી. પણ આમાનું કશું જ ન બન્યું. ગામલોકો એવાજ પ્રેમથી તેમને બોલાવતા હતા.

પિતાજીને અને બાને એવો જ ભાવ હતો ઊલટાનો બમણો થઈ ગયો અને નાનકો અને બબલી તો પોતાને ક્યાં છોડતાં જ હતાં ! બે દિવસ પસાર થઇ ગયા. હવે તેને આશ્ચર્ય થયું. ગવરી ક્યાં હશે ?

તેણે એક સાંજે બબલીને બોલાવીને કહ્યું : 'બબલી ગવરી ક્યાં છે ?'

'ગવરી?' બબલીએ. આંખો પટપટાવી. તું એભલ મુખીની ગવરીની વાત કરે છે ને ભઈલા?' 'હા... હા... બબલી, એ છે ક્યાં?' દિનકરનું હૈયું ધકધક થતું હતું. તેને હતું કે હમણાં બબલી કહેશે કે ભઈલા, તારે આવું નહોતું કરવું... બહુ ખોટું કર્યું. ગવરી ના બાપને અને બાપુજીને તો બોલવાનું થયું. ગવરી ?... એ તો ખોડિયારના ધૂનામાં ડૂબીને... માંકડ મારવાની દવા પીને.ફ.. ગળે ફાંસો ખાઈને...

'ના...' દિનકર મોટેથી બરાડી ઉઠ્યો.

'શું ના...?' બબલીએ આંખો ચકળવકળ ફેરવી. દિનકરે તેનો હાથ પકડીને કહ્યું : 'તું જલ્દી બોલ બબલી, ગવરીનું શું થયું ?'

'કાંઇ નહીં ભઈલા, એ તો રામપર સાસરે છે.'

'સાસરે ?'

'હા ભઈલા. ત્રણ વરસ થઈ ગયાં. બહુ સારો વર મળ્યો છે હોં એને.'

દિનકરને અચંબો થયો : 'તો પછી એ બાળકનું શું થયું હશે ? એના બાપે એને દવાખાને - '

'ના...' દિનકર ચીસ પાડી ઊઠ્યો : એણે બબલીને કહ્યું : 'રામપર કેટલું'ક થાય છે?''

'અંહ્યાથી પાણાનો ઘા કરો એટલું ! પણ કામ શું છે તારે ?'

'બસ એમ જ ... મારે ગવરીને...' પણ વાતને ફેરવીને કહી દીધું : 'એનો વર મારો ભાઈબંધ છે, મારે એને મળવું છે.'

'તો ઠીક.' બબલીએ કહ્યું : 'તારે રામપર તારા ભાઈબંધને મળવા જાવું હોય તો ઠીક, નહિતર ગવરી તો પિયરમાં જ આંટો ખાવા આવી છે. મને બે દિ' પહેલાં જ મળી હતી. હજી રોકાવાની છે.'

-તે દિ' સાંજે દિનકર એભલ મુખીને ત્યાં પહોંચ્યો ત્યારે ગવરી સિવાય કોઇ નહોતું. દિનકરને જોયો ને ગવરી હસી ઊઠી : 'દિનિયા.'

'ગવરી...' દિનકરના ચહેરા ઉપર અપરાધના ભાવ આવી ગયા.

'તું ક્યારે આવ્યો દિનિયા ?'

'ચાર-પાંચ દિવસ થયા.'

'તું ક્યાં ચાલ્યો ગયો'તો ?' ગવરીએ

દિનકર સામ આંખો માંડી. 'મુંબઈ.'

'પણ પછી તો તારા ન મળ્યા કોઇ વાવડ, નહીં કાગળ.'

'હા, ગવરી હું મજબૂર હતો. મારા બાપની આબરૂ અને તારા બાપની ધાકને લીધે હું ભાગી ગયો હતો. મને માફ કરી દે ગવરી...'

'શું માફ કરું દિનિયા ? તેં ક્યાં મને દઃખ આપ્યું'તું ? નકરું સુખ આપ્યું હતું, દિનિયા. 'પણ ગવરી... ઓલી જે બાળકની વાત કરી હતી એનું શું થયું ?' 'કઇ વાત ને કઇ ચીત દિનિયા ? હું તો ખાલી , તારી મજાક કરતી'તી... તને સાચું લાગી ગયું, તું ?? અને તને એક ખાનગી વાત કહું? તો , હું તો જશુબેન નર્સ પાસેથી બાળક ના રહે એની ગોળીયું ય લઈ લેતી ' તી' ..પણ મેં તને કેવો મૂરખ બનાવ્યો હેં???' કહી ખી ખી કરતી હસી પડી... દિનકર એક નજર તેની તરફ તાકી રહ્યો અને પછી તેને શું સૂઝ્યું કે તેણે ફેરવીને એક જ થપાટ ગવરીના ગાલ ઉપર ઝીંકી દીધી. : 'હરામખોર નીચ છોકરી ! તારી ખાલી અમથી મજાકે મારી અડધી જિંદગી ખાના ખરાબ થઇ ગઇ.... હું મારા મા-બાપ ભાઇ-બહેનના હેતમાં ઝૂરતો રહ્યો ને તું સુખના ઝોલાં ખાતી રહી ? મને હવે ખબર પડી કે તારે મારા પ્રત્યે કોઇ પ્રેમ નહોતો પણ તારી કુંવારી કાયામાંથી ઉઠતી આંધીને શમાવવા માટે મારો ઉપયોગ કરતી રહી. અને હું ?..'

-દિનકરને આગળ બોલવાના કાંઇ શબ્દો ન મળ્યાને તે પાછું જોયા વગર ચાલી નીકળ્યો ત્યારે ગવરી ગાલ પંપાળતી હતી.... ■

લઘુનવલકથા



યોગેશ પંડ્યા

હા, સાચું કહું ભાભી...! આજે મને ખૂબ સંતોષ થયો



રાખનાં રમકડાં



ધારાવાહી નવલકથા

અમૃત પરમાર

આમ કલાક જેટલો સમય મહેશના રૂમમાં આવી ગંદી રમત રમીને શાંતુએ વાપરી નાખ્યો હતો. એટલે હવે કપડાં સરખા કરી... ઝડપથી ઊભા થતાં શાંતુને કહ્યું : ''બસ... હવે તો તને નિરાંત થઈ ને ? તારે તો ઠીક છે, બસ ભોગવવું જ. પરંતુ મારે તો હજુ નાહવાનું પણ બાકી છે. વધારામાં ઘરનું બધું જ વાસી કામ પણ એમ ને એમ પડ્યું છે, આજે તારાં મમ્મી-પપ્પા તને લેવા પણ આવનારા છે. હવે તો મારે ખૂબ જ ઉતાવળ કરવી પડશે. ચાલ, હવે હું જાઉં છું. તારી આ છેલ્લી ઈચ્છા પણ મેં પૂરી કરી. હવે તો તને સંતોષ છે ને...?''

''હા, સાચું કહું ભાભી...! આજે મને ખૂબ સંતોષ થયો. સાંભળો ભાભી, હું ફરી ફરી કહું છું કે, તમે મને ખૂબ જ ગમો છો. તમને તો હું ક્યારેય નહીં ભૂલું...''

આવા અઘરા અને સંવેદનશીલ શબ્દો સાંભળી સાથે ઈ શાંતુ તો ગદગદ થઈ ગઈ. આંખમાં ઝળઝળિયાં આવ્યાં એટલે તે રૂમમાંથી ઝડપથી બહાર નીકળીને રસોડા તરફ ચાલવા લાગી, રસોડાનું બાકી રહેલું કામ તેણે ઝડપથી પૂરું કર્યું. અને પછી તે બાથરૂમમાં દાખલ થઈ.

બાથરૂમ શબ્દ સાંભળતાં જ બધું ખુલ્લું ખુલ્લું દેખાવા લાગે. એ શબ્દ જ ખુલ્લો ખુલ્લો છે. તો પણ બાથરૂમના દ્વારને અંદરથી તો બંધ કરવું જ પડે. નિયમ મુજબ બાથરૂમમાં ફક્ત એક જ વ્યક્તિને પ્રવેશ કરવાનો હોય છે. ને બારણું બંધ કરતાંની સાથે બધું જ બધું ખુલ્લું થવા માંડે. આ જગ્યા જ એવી છે કે, અતિ શરમાળ વ્યક્તિ પણ ત્યાં પ્રવેશતાની સાથે શરમને નેવે મૂકી દઈ કપડા વગરનો થઈ જાય છે. આવા નિયમને અનુસરી શાંતુએ પણ તેના શરીર પરથી બધાં વસ્ત્રો એક પછી એક એમ કાઢી નાખ્યા. ને ટપકતાં સ્વચ્છ જલબિંદુથી તેનાં બધાં અંગ ઉપાંગોને સારી રીતે ઘસી ઘસીને સાફ કર્યાં. વાળને ખુલ્લા મૂકી કિંમતી શેમ્પૂ વડે માથું પણ ધોયું. પછી ઘણીવાર સુધી તેણે નાહ્યા કર્યું. આજે તેને નાહવાની ખૂબ ખૂબ મજા આવતી હતી.

શાંતુના ગોરા ગોરા સાવ જ ખુલ્લા શરીર પર પડતાં પાણીના તીવ્રવેગી ફુવારાનો ભાર તો અત્યારે શાંતુને ખૂબ જ ગમી રહ્યો હતો. તેમાં પણ આવા ફુવારાનો ધોધ તેની છાતી પર અડતાની સાથે શાંતુ સીસકારા બોલાવતી. ને થોડીવાર થતાં તેનાં અંગ-ઉપાંગો ખૂબ જ ઉત્તેજિત થઈ ગયાં. ને કોઈ દિવસ નહીં ને આજે ઈ શાંતુએ તેની ઉત્પન્ન થયેલી ઉત્તેજનાને પણ હાથની આંગળીઓ વડે શાંત કરી દીધા, એ સાથે ફુવારો પણ બંધ થયો.

આવી રીતે નાહવાનું કામ પૂરું થયા પછી શાંતુ તેના ખુલ્લા શરીર પર માત્ર ટુવાલ વીંટાળીને બહાર નીકળી. તેને તો ખબર જ હતી કે, આ ઘરમાં અત્યારે પોતાના સિવાય બીજું કોઈ જ હતું નહીં. હા, મહેશ હતો પણ તે તો માંડ માંડ ચાલી શકતો, એ અહીં સુધી આવે નહીં. અને આવે તો પણ હવે મહેશની શરમ શાંતુને ક્યાં હતી ?! કદાચ તેની હાજરી હોય તો પણ...

શરીર પર વ્યવસ્થિત કપડાં પહેરી શાંતુ હવે તૈયાર થવાના કામમાં લાગી હતી, ને થોડી તૈયાર થઈ ગયા પછી રસોડામાં જઈને બપોરની રસોઈ બનાવવાના કામમાં લાગી પડી. જો કે રસોઈ તો માત્ર ત્રણ વ્યક્તિની જ બનાવવાની હતી, છતાં પણ રસોઈ તો કરવી જ પડે.

બપોરના સાડા અગિયાર થતાં રસોઈનું કામ પૂરું થઈ ગયું. પોતાના માટે થાળી તૈયાર કરી શાંતુંએ થોડું જમી પણ લીધું. પછી તે સ્કૂલે જવા માટેની તૈયારી કરવા માંડી. બરાબર આ સમયે એટલે કે પોણાબાર વાગે મહેશનાં મમ્મી-પપ્પા આવ્યાં.

મીઠો આવકાર આપી, બે હાથ જોડીને શાંતુંએ મહેમાનને માનભેર ઘરમાં બેસાડ્યાં. તેઓને જમવા માટે ખૂબ જ આગ્રહ કરયો, પરંતુ અચાનક મહેમાન એકના બે ન થયાં તે ન જ થયાં. એટલે પછી શાંતુંએ સરસ મજાની કડક મીઠી રબડી જેવી ચા બનાવી. આવું બધું કરવામાં સાડાબાર થઈ ગયા. બરાબર આ સમયે જ દામલ દરવાજામાં દાખલ થયો. આજે થોડો વહેલો આવ્યો હતો.એ આવતા શાંતુંને હાશ... થઈ. દામલ નજીક આવતાં શાંતુંએ કહ્યું : ''હવે તું મહેમાનને સંભાળી-સાચવી લેજે, મારે ઝડપથી નીકળવું પડશે...''

''હા, તું જા... હવે તો હું છું ને..., તારે ચિંતા કરવાની જરૂર નથી.''દામલે કહ્યું.

(ક્રમશઃ) ■

જેમની પાસે સપના છે એમની પાસે જિંદગીનું અમૃત છે



નવી આબોહવાની ઝંખના જાગે અને બહુ ઊંચા આકાશે ઉડવાનો તરંગ પાંખોમાં રમતો થાય એ જિંદગીની ખરી તાજગી છે....

સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

જિંદગીમાં પુનરાવર્તન ટાળવા જેવું છે, પણ એમ કંઈ એ ટાળ્યું ટળતું નથી. દરરોજની સવારની તાજગી અને રાત્રિની શોભા તો નિત્ય નૂતન અને અલગ જ હોય છે. સવારે દૂર પૂર્વમાં ઉડતા પંખીઓ કે દરિયા કિનારે સમી સાંજે ઉડતી કુંજડીની હારનો છંદ પણ અલગ હોય છે. છતાં એ પંખીઓની જિંદગીમાં દાણાપાણી અને ઉડાઉડ સિવાય શું હોય છે ? એમ તો જંતુઓનું આયુષ્ય ઓછું હોય છે. જે જંતુ એક દિવસનું હોય એ એક જ દિવસમાં એનું શૈશવ, યૌવન, પ્રજોત્પત્તિનો અને વૃધ્ધાવસ્થા સમાવિષ્ટ હોય છે. પણ એ સમય એને ઓછો લાગતો નથી. એ એનું એક દિવસીય પૂર્ણ જીવન હોય છે. અને એમાંય પુનરાવર્તન તો ખરું જ. હવે આ એક જ દિવસના આયુષ્યમાં આ વિશાળ વસુંધરા પર એ જંતુ જેટલો સમય પુનરાવર્તિત પ્રવૃત્તિમાં પસાર કરે એટલું આયુષ્ય એનું એળે ગયું ન કહેવાય ?

આજકાલ મહામારીના સમયમાં કેટલાક લોકોની આંખમાં સપનાઓ ઝાંખા થવા લાગ્યા છે. હવે તો દિવસે પણ ભારતીય શહેરોમાં જનસંખ્યા ઘટવા લાગી છે. રોગના ભયને કારણે લોકો ઘરની ચાર દિવાલોને જ દિનચર્યા માને છે. પરંતુ ખરેખર તો આ સમય સપનાઓની ડિઝાઈન બનાવવાનો છે. દુનિયાના તમામ મહાન લોકોએ બધું જ વેરવિખેર થવા છતાં સપનાઓના ગઢમાંથી એક કાંકરી પણ ખરવા દીધી નથી અને એને આધારે જ એમણે પાછા વિરાટ સામ્રાજ્યો ઊભા કર્યા છે. જિંદગીમાં વ્યક્તિગત કસોટીઓ આવે તેમ પ્રજા તરીકે સામુહિક કસોટી પણ આવે. અત્યારે સહિયારા સંકટ સામે સહિયારી લડત પ્રજા આપે છે.

આપણને આવા સમયમાં શાસ્ત્રોના વચનો કે કવિઓના ઉમંગો કામ લાગે છે. કવિ તાજગીથી મુખરિત હોય છે પ્રતિકલ્પના અને પ્રતિકલ્પન એનું સ્વતંત્ર અને અ-પૂર્વ ઉડ્ડયન હોય છે. એવું જ મનુષ્યમાત્રનું હોવું જોઈએ. શિશુકાળમાં હોય છે. બાળક આપણને વહાલું લાગે છે અને દરરોજ એ વહાલ વધતું જાય છે એનું એક કારણ એ છે કે દરેક નવા પ્રભાતે બાળક આપણને નવા જ દર્શન અને જો આત્મસાત્ કરો તો નવું જ દર્શન આપે છે. ઉપરનું શીર્ષક કવિ સંજુ વાળાની કાવ્યપંક્તિ છે. કવિ કહે છે - 'રોજ ઝગડવું, છૂટું પડવું, રડવું, પાછું મળવું, આ તે કેવું દળણું જેને રોજ ઊઠીને દળવું...?' થોડા શબ્દોમાં જિંદગીની લાંબી મજલને કવિએ ગીતની સાંકડી શેરીમાં અવતારી છે. કવિએ જિંદગીના મહત્ રંગોને સ્પર્શ કર્યો છે ને એનો સ્વીકાર પણ છે. પરંતુ એના પુનરાવર્તનની નિરર્થકતા એમણે તાકી છે.

મનુષ્યનો છાનો અલગારી સ્વભાવ પણ એમણે ઝીલ્યો છે. કારણ કે બીજું બધું તો ઠીક છે પણ ફરી ફરી મળવું પણ અલગારીને ગમતું નથી. દળવામાં મળવાના દાણાય નાંખીને એમણે કમાલ કરી છે. વાત એટલી જ છે કે હજારો રંગોના મેઘધનુષ્યનું નામ જિંદગી છે. અને કોઈ ગુલાબી પર અટકી ગયા છે તો કોઈ સોનેરી પર. કોઈએ તો જાંબલી સિવાયનો રંગ જોયો જ નથી ને કોઈ ભવ આખો લીલાશમાં આળોટતા રહે છે. સહુને તેમતેમના કૂવામાંથી બહાર આવવાની આ ટકોર છે. સાદી અને જુની ઉક્તિ છે કે સાધુ તો ચલતા ભલા. એમાં સાધુનો અર્થ સજ્જન છે. અને ચાલવાનો અર્થ પણ ભૌતિક નથી. જે જિંદગીમાં જે રીતે જ્યાં છીએ ત્યાંથી બે-પાચ ડગલાં આગળ જવાનો અનુરોધ છે. રોકાઈ ગયેલા ન હોય તે સજ્જન છે. કોઈ એક વાત કે વિચારમાં અટવાઈ જાઓ એટલે રોજ ઊઠીને પ્રશ્ન તરતો મૂક્યો છે કે - રોજ ઊઠીને દળવું ?

જિંદગીને એનો સ્વતંત્ર રંગ છે અને દરરોજ નૂતન પ્રભાતે એ સાવ નવી જ રીતે ઊઘડે છે. આ પૃથ્વી પર વિરાટ ડાયનોસોર હતા. અતિ વિકરાળ પશુઓ હતા. મનુષ્યની ઉત્ક્રાંતિ શરૂ થઈ પછી પણ સંઘર્ષ હતો. ચારેબાજુ ઊંચા ઘટાટોપ જંગલો અને ભીષણ રાત્રિઓ માનવજાતે પસાર કરી છે. પૃથ્વી પર પોતાનું એકચક્રી શાસન સ્થાપતા પહેલા હજારો અને લાખો વરસોની લાંબી સફરમાંથી માણસ પસાર થઈને આજના સ્વરૂપ સુધી પહોંચ્યો છે. એ સમયે અજ્ઞાનનો પણ અંધકાર હતો. વિવિધ માનવ જૂથો લડતા પણ હતા. તેમને એકમતે આવતા હજારો વરસો લાગ્યા છે. પણ તોય એ મનુષ્ય કદી થાક્યો નથી. એમની તુલનામાં તો આજના મનુષ્યની સજ્જતા ક્યાંય વધારે છે તો એ થોડો થાકવાનો છે ?

સંસારમાં ક્લેશ તો કાળને પણ ગળી જાય છે. ઝગડવુંનો અર્થ અસંમતિ કે મતાંતર છે. આપણે એક જિંદગીમાં કેટલા બધાની જિંદગીઓ સાથે અસંમત હોઈએ છીએ. કોઈ એક પંખીને બીજા પંખીની જિંદગીમાં શું રસ હોય? આ રીતે પાંખોને છુટ્ટી ન મૂકાય, સહેજ વધુ નાજુક રીતે ઉડાય... એવું ક્યાં કોઈ એક પંખી બીજા પંખીને કહે છે ? એ પણ રોજ ઊઠીને દળવાની વાત બની જાય છે. આ બધાથી બધાને બચાવવા નીકળેલો કવિ અલગારી નહિ તો કોણ હોય ? વાત ઘંટીના બે પડ વચ્ચેથી છટકવાની છે. અને કોઈ એકાદ દાણો જ છટકી જતો હોય એમ છટકી જવા જેવું છે.

નવી આબોહવાની ઝંખના જાગે અને બહુ ઊંચા આકાશે ઉડવાનો તરંગ પાંખોમાં રમતો થાય એ જિંદગીની ખરી તાજગી છે. રોજ ઊઠીને.... જો પુનરાવર્તનના પડમાંથી છટકવું હોય તો ગઈકાલને ખંખેરીને જ ઊભા થવું પડે. ગઈકાલોના તો ટોળાંઓ ઊંચકીને આપણે ફરતા હોઈએ છીએ જાણે કે ઘંટીપડને કંઠાભૂષણ માની ફૂલાતા ન ફરતા હોઈએ...! નવી હવાનો આનંદ તો એની એક લ્હેરખી અડે પછી જ ખબર પડે. જ્યાં સુધી એ બારી ખુલે નહિ ત્યાં સુધી તો રોજ ઊઠીને એની એ જ ચક્રાવર્તિત પ્રદક્ષિણાની રમમાણ ઘેરાતી રહેવાની છે. પુનરાવર્તન, મુક્તાફળના ઉછેર માટે બાધક છે, સાધક નથી. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

અમરેલીમાં લેઉવા પટેલ સમાજ દ્વારા સરદાર જયંતિની ઉજવણી

અમરેલી,તા.૩૧



અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે તા. ૩૧ ઓક્ટોબરના રોજ અમરેલીમાં પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી દ્વારા સરદાર સર્કલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી દ્વારા સમાજના આગેવાનો અને તમામ સભ્યોને ઉપસ્થિત રહી સરદાર પટેલને પુષ્પાંજલિ અર્પણ કરવા અપીલ કરવામાં આવી હતી. જેથી સમાજના અગ્રણીઓ અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા. કાર્યક્રમનો હેતુ સરદાર પટેલના રાષ્ટ્રનિર્માણમાં આપેલા યોગદાનને યાદ કરી રાષ્ટ્રીય એકતાની ભાવનાને મજબૂત કરવાનો હતો.સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ કરવા લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, અશ્વિન સાવલિયા, કાંતિભાઈ વઘાસિયા, દકુભાઈ ભુવા, એમ. કે. સાવલિયા, કાળુભાઈ સુહાગીયા, સુરેશભાઈ દેસાઈ, રાજુભાઈ માંગરોળીયા, દિનેશભાઈ ભુવા, જગદીશભાઈ તળાવિયા, રમેશભાઈ કાથરોટિયા, કાળુભાઈ કાછડીયા, પીપી કાબરીયા, બાલાભાઈ વઘાસિયા, ભરતભાઈ બાવીસી, જે એલ સોજીત્રા, સંજયભાઈ માલવિયા, મજબૂતભાઈ બસીયા, નિલેશભાઈ મુલાણી, ગોરધનભાઈ માદલીયા, ભરતભાઈ કાબરીયા, સંદીપભાઈ ધાનાણી, જતીનભાઈ સુખડીયા, મેહુલભાઈ બાબરીયા, બિરેનભાઈ કાબરીયા, જે.ડી. સાવલિયા, મુકેશભાઈ કોરાટ, દિનેશભાઈ સાવલિયા,અનીલ ગુદરણીયા, જે.પી. સોજીત્રા વસંતભાઈ સાવલિયા, ચતુરભાઈ ખૂટ, રાજેશભાઈ ગઢિયા, મુકેશભાઈ લીંબાસીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હીની જૂતા બનાવતી ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ચાર લોકોનાં મોત નિપજ્યા

નવી દિલ્હી, તા.૩૧



દિલ્હીના મંગોલપુરી ઔદ્યોગિક વિસ્તારના ફેઝ-૧માં શુક્રવારે મોડી રાત્રે જૂતાની ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ચાર લોકોનાં મોત થયાં હતાં, જ્યારે બે લોકો ઘાયલ થયા હતા. તમામ છ લોકોને સંજય ગાંધી મેમોરિયલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા, જ્યાં ચારને મૃત જાહેર કરાયા હતા. અન્ય બેની સારવાર ચાલી રહી છે. ડીસીપી વિક્રમ સિંહના જણાવ્યા અનુસાર, ઘટનાની જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમે બચાવ કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું કારણ જાણવા તપાસ ચાલી રહી છે.


પંજાબ વિધાનસભા ચૂંટણી માટે આપની ૪૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર

ચંદીગઢ, તા. ૩૧

આમ આદમી પાર્ટીએ ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી માટે ૪૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. મુખ્યમંત્રી ભગવંત માન ફરી ધુરી બેઠક પરથી ચૂંટણી લડશે. ખાસ વાત એ છે કે જેલમાં બંધ સંજીવ અરોરાને પણ લુધિયાણા પશ્ચિમથી ટિકિટ આપવામાં આવી છે. પ્રથમ યાદીમાં તમામ વર્તમાન ધારાસભ્યોને ફરી તક આપવામાં આવી છે. યાદીમાં કુલતાર સિંહ સંધવાનને કોટકપુરા, કુલદીપ સિંહ ધાલીવાલને અજનલાથી અને અમનશેર સિંહને બટાલાથી ઉમેદવાર બનાવાયા છે. મુખ્યમંત્રી ભગવંત માને તમામ ઉમેદવારોને અભિનંદન પાઠવી લોકો સાથે જોડાઈને વિકાસની યાત્રા આગળ વધારવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

બેંગલુરુની ફાઈવ સ્ટાર હોટલના સ્વિમિંગ પુલમાં વીજકરંટથી બે વિદેશી નાગરિકોનાં મોત

બેંગલુરુ, તા.૩૧



બેંગલુરુના હલાસુરુ વિસ્તારમાં આવેલી ફાઈવ સ્ટાર હોટલના ત્રીજા માળે આવેલા સ્વિમિંગ પુલમાં વીજકરંટ લાગવાથી બે વિદેશી નાગરિકોનાં મોત થયાં છે. આ ઘટના શુક્રવારે સાંજે બની હતી. મૃતકોમાં જર્મનીના ૫૭ વર્ષીય એલેક્ઝાન્ડર મેક્સિમિલિયન થિસ અને સ્લોવાકિયાના ૪૫ વર્ષીય જુરાજ હોર્વેટનો સમાવેશ થાય છે. બંને આઈટી ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા. બંનેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે એક અમેરિકન નાગરિક અને હોટલનો ભારતીય પૂલ એટેન્ડન્ટ પણ વીજકરંટ લાગતાં ઘાયલ થયા હતા. બંનેને મણિપાલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને તેમની હાલત ખતરાથી બહાર હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ કમિશનર સીમંત કુમાર સિંહના જણાવ્યા અનુસાર, સ્વિમિંગ પુલમાં વીજળીનું લીકેજ થયું હોવાની આશંકા છે. જોકે, તબીબી, ટેકનિકલ અને નિષ્ણાતોના અહેવાલ આવ્યા બાદ જ ઘટનાનું ચોક્કસ કારણ જાણી શકાશે. મૃતકના જીવનસાથીની ફરિયાદના આધારે પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી છે.

દિવાળીથી ગુજરાતના વાતાવરણમાં પલટો, વાવાઝોડું સર્જાવાની શક્યતા

અમદાવાદ, તા.૩૧

બંગાળની ખાડી અને અરબી સમુદ્રમાં સક્રિય થનારી હવામાન સિસ્ટમોના કારણે ગુજરાતમાં આગામી દિવસોમાં કમોસમી વરસાદ અને તેજ પવનો ફૂંકાવાની શક્યતા છે. ૩ નવેમ્બર સુધી સૌરાષ્ટ્રના જૂનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, દ્વારકા અને જામનગર સહિતના વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદી ઝાપટાં પડી શકે છે. રાજકોટ અને દક્ષિણ ગુજરાતમાં પણ હવામાનમાં પલટો આવવાની શક્યતા છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલના જણાવ્યા મુજબ, ૧૨ થી ૧૪ નવેમ્બર દરમિયાન પણ માવઠાની શક્યતા છે. જ્યારે ૧૮ થી ૨૨ નવેમ્બર દરમિયાન સમુદ્રમાં વાવાઝોડું સર્જાઈ શકે છે. તેની ગુજરાતના દરિયાકાંઠા પર અસર થવાની આશંકા છે. વધુમાં, ૨ ડિસેમ્બરની આસપાસ બંગાળની ખાડીમાં વધુ એક ચક્રવાત સર્જાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રશિયાના વિદેશ મંત્રીના વિરોધમાં જી-૨૦ બેઠકનું ગ્રુપ ફોટો સેશન રદ


એટલાન્ટા તા.૩૧



અમેરિકામાં યોજાઈ રહેલી જી-૨૦ દેશોના વિદેશ મંત્રીઓની બે દિવસીય બેઠકમાં રાજદ્વારી વિવાદને કારણે ગ્રુપ ફોટો સેશન રદ કરવામાં આવ્યું છે. યુરોપિયન દેશોએ રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથે ફોટો પડાવવાનો વિરોધ કર્યો હતો. કેટલાક દેશોએ ફોટો સેશનમાંથી બહાર નીકળી જવાની ચેતવણી પણ આપી હતી.સમાચાર એજન્સી એપીના અહેવાલ મુજબ, યુક્રેન સાથે ચાલી રહેલા યુધ્ધને લઈને આ વિરોધ કરવામાં આવ્યો હતો. જોકે, ફોટો સેશન રદ થયા છતાં બેઠક અગાઉથી નક્કી કરાયેલા કાર્યક્રમ મુજબ ચાલુ રહેશે.અમેરિકાના એટલાન્ટા શહેરમાં વિદેશ મંત્રી માર્કો રુબિયોની યજમાની હેઠળ આ બેઠક યોજાઈ રહી છે. શુક્રવારથી શરૂ થયેલી બેઠકમાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર પણ ભાગ લઈ રહ્યા છે. ફોટો સેશન રદ થવાથી રશિયા-યુક્રેન યુધ્ધ, ઈરાન યુધ્ધ, અમેરિકાના આયાત શુલ્ક અને ચીનની પ્રવૃત્તિઓ જેવા મુદ્દાઓ પર જી-૨૦ દેશો વચ્ચે સહમતી સાધવાની શક્યતા અંગે ચર્ચા શરૂ થઈ છે.

અમદાવાદમાં શેરબજારમાં રોકાણના નામે ૩.૫૦ કરોડથી વધુનું કૌભાંડ, ચાર ઝડપાયા

અમદાવાદ, તા.૩૧



અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાંચે શેરબજારમાં ઊંચા વળતરની લાલચ આપીને ૩. ૬૭.૯૨ લાખની છેતરપિંડી કરવાના કેસમાં ચાર આરોપીઓની ધરપકડ કરી છે. તપાસમાં દેશનાં ૧૫ થી વધુ રાજ્યોમાં ૮૦ થી વધુ ફરિયાદો અને ૩. ૫૦ કરોડથી વધુના શંકાસ્પદ નાણાકીય વ્યવહારો સામે આવ્યા છે. આરોપીઓ વોટ્સએપ મારફતે રોકાણકારોનો સંપર્ક કરી જુલિયસ બેરના નામે બનાવટી એપ્લિકેશનમાં રોકાણ કરાવતા હતા. સેબીના નકલી પ્રમાણપત્રો બતાવી દૈનિક પથી ૨૦ ટકા વળતરની લાલચ આપવામાં આવતી હતી. નાણાં પરત માગતાં ૨૦ ટકા શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ અને ચાર ટકા સેસના નામે વધુ નાણાં માગવામાં આવતા હતા. પોલીસે વડોદરા અને અમદાવાદમાંથી ઈસ્તિયાક રિયાવાલા, સોહેબ જાજાવરવાલા, શેહઝાદ અજમેરવાલા અને ઈરફાન શેખની ધરપકડ કરી છે. મુખ્ય આરોપી પાસેથી ૩૦થી વધુ બેંક એકાઉન્ટ કિટ મળી આવી છે.

કોડીનારની સગીરાઓના ધર્મપરિવર્તન કેસમાં ત્રણેય આરોપીઓને પાંચ દિવસના રિમાન્ડ


કોડીનાર, તા.૩૧



કોડીનારની બે સગીરાઓના ધર્મપરિવર્તનના પ્રયાસના કેસમાં ઝડપાયેલા ત્રણ આરોપીઓને કોર્ટે પાંચ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે ૧૪ દિવસના રિમાન્ડ માગ્યા હતા. આરોપીઓમાં કોડીનારના અબ્દુલ સંધિ, ઉનાવાના મૌલવી આસિફ કવાલી અને ધોરાજીના નિષાદ કાજીનો સમાવેશ થાય છે. બંને સગીરાઓને ઉનાવાની દાતાર બાપુની દરગાહમાંથી મળી આવી હતી. રાજ્ય સરકારે તપાસ માટે એસઆઈટીની રચના કરી છે. સગીરાના વીડિયો અને અન્ય શખ્સોની સંડોવણી અંગે પણ પોલીસ તપાસ કરી રહી છે.

ધોરાજી પંથકમાં માવઠાથી ખેડૂતોની ચિંતામાં વધારો

ધોરાજી, તા.૩૧



ધોરાજીમાં આજે દિવસ દરમિયાન ભારે બફારા અને અસહ્ય ગરમી બાદ સાંજે આશરે ૭ વાગ્યાની આસપાસ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. આકાશમાં કાળા વાદળો ઘેરાયા બાદ વરસાદ શરૂ થયો હતો. માવઠાના કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. સાંજે વરસાદની શરૂઆત થતાં જ ભારે વરસાદ વરસ્યો હતો, જેના કારણે ખેતરોમાં ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

રાજુલા-જાફરાબાદ રોડ પર ક્રેન પલટી મારતાં વીજથાંભલા અને વાયરોને નુકસાન

રાજુલા, તા. ૩૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા-જાફરાબાદ રોડ પર ચાલી રહેલા માર્ગકામ દરમિયાન હોટલ પ્રેસિડેન્ટ ધરતી ટેલર નજીક અચાનક ક્રેન પલટી મારી જતાં અફરાતફરી મચી હતી. આ ઘટનામાં વીજળીના થાંભલા અને વાયરોને નુકસાન પહોંચતાં આસપાસના વિસ્તારમાં વીજપુરવઠો ખોરવાયો હતો. બનાવની જાણ થતાં સ્થળ પર લોકોનાં ટોળાં એકત્રિત થઈ ગયાં હતાં. ઘટનાની જાણ રાજુલા પીજીવીસીએલના અધિકારીઓને કરવામાં આવતાં ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વીજથાંભલા અને વાયરોને થયેલા નુકસાનનું સમારકામ હાથ ધરી વીજપુરવઠો વહેલી તકે પુનઃ શરૂ કરવા માટે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

અમદાવાદના નિકોલના કેળવણીધામ ખાતે સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિની ઉજવણી

ટ્રસ્ટીઓ, દાતાઓ, કોર્પોરેટરો અને સમાજના અગ્રણીઓએ સરદાર સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી

અમદાવાદ,તા.૩૧



અમદાવાદ પૂર્વના નિકોલ વિસ્તારમાં આવેલા લેઉવા પટેલ પ્રગતિ મંડળના કેળવણીધામ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ, દાતાઓ, સ્થાનિક કોર્પોરેટરો, યુવક મંડળના સભ્યો, સમાજના અગ્રણીઓ તથા કેળવણીધામના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન સાથે શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં સરદાર પટેલના રાષ્ટ્રપ્રેમ, એકતા અને અખંડિતતાના વિચારોને યાદ કરી તેમના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

મોટી કુંકાવાવમાં પાણીના ટાંકામાં પડી જતાં મહિલાનું મોત

વડિયા, તા.૩૧

વડિયાના મોટી કુંકાવાવ ગામે પાણીના ટાંકામાં પડી જતાં મહિલાનું મોત થયું હતું. બનાવ અંગે વિનુભાઈ બચુભાઈ સોજીત્રા (ઉ.વ.૬૫) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની મુક્તાબેન સોજીત્રા (ઉ.વ.૬૩) ઘરના ફળિયામાં આવેલા પાણીના ટાંકા પાસે લાઈટની સ્વિચ ચાલુ કરવા જતાં અકસ્માતે ટાંકામાં પડી ગયાં હતાં અને પાણીમાં ડૂબી જવાથી તેમનું મોત નીપજ્યું હતું.

CHANGE OF NAME

I Undersign I PARMAR JIGNASABEN PRAGJIBHAI have changed my name from CHAVDA JIGNASABEN VIPULKUMAR To PARMAR JIGNASABEN PRAGJIBHAI (New) Now i will be known as PARMAR JIGNASABEN PRAGJIBHAI (new) Sign PARMAR JIGNASABEN PRAGJIBHAI Address: 413,GODDAPARA, AT-CHITAL DIST-AMRELI-365620

ગ્રામ પંચાયત કચેરી, ખેરા, તા. રાજુલા

જાહેર નિવિદા

નં.તા.પં/બાંધ/અપસેટ/વશી ૦૧-૦૪/૨૦૨૬ બાંધકામ શાખા, તાલુકા પંચાયત કચેરી, રાજુલા તારીખઃ- ૨૩/૧૦/૨૦૨૬

આથી જાહેર હરરાજીથી ઈમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે, ગ્રામ પંચાયત કચેરી - ખેરા ગામે સ્નાનઘાટ જર્જરીત હાલતમાં છે. જેને પાડી જમીન સમથળ કરી આપવી જેની નોંધ લઈ જાહેર હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવું.

સ્નાનઘાટની અંદાજે અપસેટ પ્રાઈઝ રૂ.૪૬૫૦/- અંકે રૂપિયા ચાર હજાર છસો પચાસ પુરા નક્કી કરવામાં આવેલ છે. ઈમલાની જાહેર હરરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓનો રહેશે.

તારીખ : ૦૩/૧૧/૨૦૨૬ને મંગળવાર - સમય : સવારે ૧૧:૦૦ કલાકે
સ્થળ : ગ્રામ પંચાયત કચેરી, ખેરા, તા. રાજુલા
હરરાજીમાં ભાગ લેનાર ઈસમે ડિપોઝિટ ૨૦૦૦ ભરવાની રહેશે.

તલાટી કમ મંત્રી, ગ્રામપંચાયત કચેરી, ખેરા, તા. રાજુલા
સરપંચ, ગ્રામપંચાયત કચેરી, ખેરા, તા. રાજુલા

કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક માટે રાજ્ય પોલીસના છ અધિકારીઓની પસંદગી

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ગુજરાત પોલીસને ગૌરવ

ગાંધીનગર,તા.૩૧

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે ગુજરાત પોલીસ માટે ગૌરવના સમાચાર સામે આવ્યા છે. વિવિધ ગુનાઓની ઊંડાણપૂર્વકની તપાસ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાત પોલીસના છ અધિકારીઓની વર્ષ ૨૦૨૬ના 'કેન્દ્રીય ગૃહમંત્રી દક્ષતા પદક' માટે પસંદગી કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા દેશભરમાંથી કુલ ૪૯૦ કર્મચારીઓને આ પ્રતિષ્ઠિત સન્માન આપવાની જાહેરાત કરવામાં આવી છે.ગુજરાતમાંથી પસંદગી પામેલા અધિકારીઓમાં પોલીસ અધિક્ષક અંશુલ જૈન, અધિક પોલીસ અધિક્ષક સિમરન ભારદ્વાજ, નાયબ પોલીસ અધિક્ષક રણજીતસિંહ સિંઘલ, પોલીસ નિરીક્ષક જયેશ ઠાકોર, પોલીસ નિરીક્ષક પાર્થેન્દ્રસિંહ વાઘેલા અને પોલીસ નિરીક્ષક ગુણવંત મનુભાઈ હડિયાનો સમાવેશ થાય છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૪થી આ પદકની શરૂઆત કરવામાં આવી હતી. સુરક્ષા દળોનું મનોબળ વધારવા તેમજ તપાસ સહિત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી આ સન્માન આપવામાં આવે છે.પસંદગી પામેલા અધિકારીઓએ જટિલ ગુનાઓની વૈજ્ઞાનિક, તાર્કિક અને તલસ્પર્શી તપાસ કરીને ન્યાયિક પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની કામગીરીને રાષ્ટ્રીય સ્તરે બિરદાવવામાં આવી છે. ગુજરાત પોલીસ માટે આ સિદ્ધિ ગૌરવ સમાન બની છે.

ડીજીપીએ અભિનંદન પાઠવ્યા

ગુજરાતના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે એવોર્ડ માટે પસંદગી પામેલા તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત પોલીસના કર્મઠ અધિકારીઓને રાષ્ટ્રીય સ્તરે મળેલું આ પ્રતિષ્ઠિત સન્માન સમગ્ર રાજ્ય માટે ગૌરવની ક્ષણ છે. ઇન્વેસ્ટિગેશન ક્ષેત્રે તેમની ઊંડાણપૂર્વકની અને નિષ્ઠાવાન કામગીરી અન્ય પોલીસકર્મીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.

અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોની ખુશી પર પાણી ફરી વળ્યું



અમરેલી,તા.૩૧

અમરેલી જિલ્લામાં ગઈકાલે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવતાં કમોસમી વરસાદ અને પવન સાથે ત્રાટકેલા મીની વાવાઝોડાએ ખેડૂતોની મહેનત પર પાણી ફેરવી દીધું છે. ખાસ કરીને બાબરા, કુંકાવાવ અને ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસેલા વરસાદને કારણે ખેતરોમાં તૈયાર થઈને પડેલા મગફળીના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. મગફળી ઉપરાંત કપાસના પાકને પણ નુકસાન થતાં ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. દિવાળીના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે કુદરતના અચાનક બદલાયેલા મિજાજે ખેડૂતોની ખુશી પર પાણી ફેરવી દીધું છે.ખાંભા તાલુકામાં ચાલુ વર્ષે ખેડૂતોએ મોટા પ્રમાણમાં મગફળીનું વાવેતર કર્યું હતું. જોકે, ચાલુ વર્ષે વરસાદની ઘટ રહેતાં ખેતીના પાકને પાણી પૂરું પાડવા માટે ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. અનેક વિસ્તારોમાં બોરિંગ અને કૂવાના પાણીનાં તળિયાં દેખાવા લાગ્યાં હતાં. સિંચાઈ માટે પાણીની અછત હોવા છતાં ખેડૂતોએ પોતાની મહેનત અને ખર્ચના આધારે મગફળીનો પાક માંડ-માંડ તૈયાર કર્યો હતો. પાક સારો ઉતરશે અને બજારમાં યોગ્ય ભાવ મળશે તેવી આશા સાથે ખેડૂતો દિવસ-રાત મહેનત કરી રહ્યા હતા. પરંતુ ગઈકાલે અચાનક પડેલા વરસાદે તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું છે.ખેતરોમાંથી મગફળી કાઢીને વાડીઓમાં સૂકવવા માટે રાખવામાં આવેલા પાથરા અને ઢગલાં વરસાદી પાણીમાં તરબોળ થઈ ગયા હતા.


પવન સાથે આવેલા મીની વાવાઝોડાના કારણે અનેક સ્થળોએ પાકને નુકસાન થયું છે. વરસાદની આગાહી કે વાતાવરણમાં આવેલા ફેરફારને ધ્યાનમાં રાખીને ખેડૂતો પાકને સુરક્ષિત રાખવા માટે દોડધામ કરી રહ્યા હતા, પરંતુ અચાનક વરસેલા વરસાદ સામે તેમની તમામ મહેનત નિષ્ફળ સાબિત થઈ હતી. મગફળીના પાથરા પાણીમાં પલળી જતાં હવે પાકની ગુણવત્તા પર પણ અસર થવાની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.બાબરા અને કુંકાવાવ પંથકમાં પણ વરસાદના કારણે ખેતીવાડી વિસ્તારોમાં નુકસાનના અહેવાલો સામે આવ્યા છે. ખેતરોમાં તૈયાર થયેલી મગફળીના ઢગલાં અને પાથરા પલળી જતાં ખેડૂતોની મુશ્કેલી વધી છે. માટે આ વધારાની મુશ્કેલી બની છે. ચાલુ વર્ષે ઓછા વરસાદ અને સિંચાઈના પાણીની અછત વચ્ચે ખેડૂતોએ ખર્ચ વધારીને પાક તૈયાર કર્યો હતો. ખાતર, બિયારણ, દવા, મજૂરી અને પાણી પાછળ કરેલા ખર્ચ બાદ હવે પાકને નુકસાન થતાં ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ કથળી શકે છે.ખેડૂતોના જણાવ્યા અનુસાર, મગફળીના પાકમાંથી સારો ઉતારો મળશે અને બજારમાં યોગ્ય ભાવ મળશે તેવી આશા હતી. દિવાળીના તહેવાર પહેલાં પાકનું વેચાણ કરીને પરિવારની જરૂરિયાતો પૂરી કરવાની સાથે ખેતી માટે લીધેલા ખર્ચની ભરપાઈ કરવાની ગણતરી હતી.

પરંતુ અણધાર્યા વરસાદે આર્થિક આયોજન ખોરવી નાખ્યું છે. હવે ખેડૂતોની નજર સરકાર તરફ મંડાઈ છે. અસરગ્રસ્ત ગામોમાં તાત્કાલિક સરકારી અધિકારીઓ દ્વારા ખેતરોની મુલાકાત લઈ પાક નુકસાનનો સર્વે કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. મગફળી અને કપાસ સહિતના પાકને થયેલા નુકસાનનું વાસ્તવિક મૂલ્યાંકન કરીને અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય આર્થિક સહાય અને વળતર ચૂકવવામાં આવે તેવી ખેડૂતોની લાગણી છે. ખેતીના ખર્ચ અને પાકના નુકસાનને ધ્યાનમાં રાખીને સરકાર વહેલી તકે રાહત જાહેર કરે તેવી પણ માંગ કરવામાં આવી રહી છે.

બાબરા, બગસરા, કુંકાવાવ અને ખાંભા પંથકમાં મગફળીના પાથરા અને ઢગલાં પલળ્યાં, કપાસના પાકને પણ નુકસાન; દિવાળીના તહેવાર ટાણે ખેડૂતો પર આર્થિક સંકટ

દિવાળી પહેલાં ખાદ્યતેલના ભાવમાં ભડકો: સીંગતેલ અને કપાસિયા તેલ મોંઘાં થતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

રાજકોટ, તા. ૩૧



દિવાળી પહેલાં જ ખાદ્યતેલના ભાવમાં વધારો થતાં ગૃહિણીઓના બજેટ પર બોજ વધ્યો છે. નવી સિઝનની શરૂઆતમાં સીંગતેલના ડબ્બામાં રૂ. ૧૫ અને કપાસિયા તેલમાં રૂ. ૨૦નો વધારો નોંધાયો છે. સીંગતેલનો ડબ્બો રૂ. ૩,૦૩૦ અને કપાસિયા તેલનો ડબ્બો રૂ. ૨,૬૨૫ થયો છે. ગુજરાતમાં ઓછા વરસાદને કારણે મગફળીનું વાવેતર અને ઉત્પાદન ઘટ્યું છે. નવી મગફળીની આવક ઓછી હોવાથી ભાવમાં પણ પ્રતિ ક્વિન્ટલે રૂ. ૪૦૦ થી ૫૦૦નો વધારો થયો છે. પરિણામે ખાદ્યતેલના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર મનપામાંથી લાંચિયા કર્મચારીને એસીબીએ ઝડપી પાડ્યો

ગાંધીનગર,તા.૩૧



રાજ્યમાં લાંચિયા અધિકારીઓ સામે એસીબી દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર મનપામાંથી ભ્રષ્ટાચારનો વધુ એક મામલો સામે આવ્યો છે. મનપાની CNCD શાખામાં ફરજ બજાવતા અને આઉટસોર્સ એજન્સી હેઠળ લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે કામ કરતા લાંચિયા કર્મચારીએ પશુપાલકને પાસેથી ૨૨ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો છે. દિવાળીના તહેવાર ટાણે જ એસીબીના આ સફળ છટકાથી મનપાના વર્તુળોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સુરતમાં દવાના નામે નશાનો કારોબાર ઝડપાયો

સુરત,તા.૩૧

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં દવાના નામે નશાના કારોબારનો પર્દાફાશ થયો છે. મોરા ગામના ભટલાઈ રોડ પર આવેલી ગણેશ ફાર્મસીમાં પોલીસ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે સંયુક્ત દરોડો પાડીને ટ્રોસ્પાસ પ્લસની ૫૬૦ કેપ્સ્યુલ જપ્ત કરી હતી. જપ્ત કરાયેલા જથ્થાની કિંમત આશરે રૂ. ૪,૫૦૦ છે. પોલીસને ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના નશા માટે કેપ્સ્યુલ વેચાતી હોવાની બાતમી મળી હતી. તપાસમાં ટ્રામાડોલ ધરાવતી દવા મળી આવતાં વધુ તપાસ શરૂ કરાઈ છે. દવાઓ ક્યાંથી લાવવામાં આવી અને કોને વેચવામાં આવતી હતી તેની તપાસ ચાલી રહી છે.

રાજકોટમાં જેલમાંથી પતિને છોડાવવાની લાલચ આપી મહિલા સાથે દુષ્કર્મ

ન્યૂડ ફોટા-વિડિયો દ્વારા બ્લેકમેઇલ કરી રૂ.૧૦ લાખ પડાવ્યાનો આરોપ

રાજકોટ,તા.૩૧


રાજકોટ મધ્યસ્થ જેલમાં બંધ કેદીઓને છોડાવવાની લાલચ આપી તેમના સગાંસંબંધીઓ સાથે છેતરપિંડી કરતો રીકલ જસમતભાઈ આંબલીયા પોલીસના હાથે ઝડપાયો છે. આરોપી જેલમાં કેદીઓને મળવા આવતા પરિવારજનો સાથે પરિચય કેળવી પોતે વકીલને ઓળખતો હોવાનું કહી કેદીઓને છોડાવવાની ખાતરી આપતો હતો.આ દરમિયાન તેણે જેલમાં બંધ પતિ અને દિયરને છોડાવવાની લાલચ આપી એક મહિલા પાસેથી કટકે-કટકે રૂ.૧૦ લાખ મેળવ્યા હતા. ત્યારબાદ મહિલાના ફોટા અને વીડિયો મેળવી તેને ન્યૂડ ફોટા-વિડિયો વાયરલ કરવાની ધમકી આપી બ્લેકમેઇલ કરી હતી. મહિલાને હોટલમાં બોલાવી તેની સાથે દુષ્કર્મ આચર્યાનો પણ આરોપ છે. પતિ જેલમાંથી મુક્ત થયા બાદ મહિલાએ સમગ્ર હકીકત જણાવતાં તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

ઓખા નજીક મધદરિયે સલાયાની માછીમારી બોટમાં ભીષણ આગ

દેવભૂમિ દ્વારકા,તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા બંદરની એક માછીમારી બોટ સાથે ઓખા નજીક મધદરિયે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. માછીમારી માટે દરિયામાં ગયેલી બોટની મશીનરી અને એન્જિનમાં અચાનક ટેકનિકલ ખામી સર્જાતાં આગ ભભૂકી ઊઠી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આખી બોટ આગની લપેટમાં આવી ગઈ હતી અને અંતે દરિયામાં ડૂબી ગઈ હતી. જોકે, સદનસીબે બોટમાં સવાર તમામ પાંચ જેટલા ખલાસીઓનો આબાદ બચાવ થયો હતો. મળતી માહિતી મુજબ સલાયા બંદરની આ બોટ નિયમિત માછીમારી માટે ઓખા નજીકના દરિયાઈ વિસ્તારમાં ગઈ હતી. દરિયામાં સફર દરમિયાન અચાનક મશીનરી અને એન્જિનમાં ખામી સર્જાતાં બોટમાં આગ લાગી હતી. બોટમાં રહેલા ઈંધણને કારણે આગ ઝડપથી પ્રસરી હતી અને થોડી જ વારમાં આખી બોટને પોતાની લપેટમાં લઈ લીધી હતી.અચાનક આગ લાગતાં બોટમાં સવાર ખલાસીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સમયસૂચકતા દાખવીને અને અન્ય માછીમારી બોટોની મદદથી તમામ ખલાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. આગમાં બોટ સંપૂર્ણપણે બળીને ખાક થઈ જતાં મધદરિયે ડૂબી ગઈ હતી. આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ બોટના માલિકને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.



બોટમાં સવાર પાંચ જેટલા ખલાસીઓનો આબાદ બચાવ, માલિકને લાખોનું નુકસાન

દિવાળીમાં જ્વેલર્સ અને આંગડિયા પેઢીઓની સુરક્ષા માટે અમદાવાદ પોલીસ એલર્ટ

અમદાવાદ,તા.૩૧

દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી છે. જ્વેલર્સ, આંગડિયા પેઢીઓ અને બેંકોની સુરક્ષા માટે ખાસ બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સીસીટીવી કેમેરા અને એલાર્મ કાર્યરત રાખવા સૂચના આપી હતી. શહેરમાં ૭ હજારથી વધુ પોલીસકર્મીઓ, હોક સ્કવોડ અને હથિયારધારી જવાનો તૈનાત રહેશે. સંવેદનશીલ વિસ્તારોમાં સાદા કપડાંમાં પણ પોલીસ વોચ રાખશે.



